# સહજ-સત્સંગ

Year : 3 Issue : 32 Dt. 01-09-2015 Page - 52 માસિક



અર્ચનમ્



## મા મીરાંબિકા

The Divine's glory transforms
defeats into eternity's victories,
The shadows have fled before
his radiant brightness (9 Dec. 1954)
- The Mother

## જ્યાં પ્રભુ ત્યાં વિજય અને પ્રકાશ

પરાજયને ફેરવતા પ્રભુ, સનાતનના વિજયમાં તત્કાળ,

અંધકાર તમસને, પ્રકાશમાં ફેરવે ઘણીવાર.

## પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

# મધુર સાક્ષીભાવનો અનુભવ

(તા.૦૪.૦૩.૧૯૧૫ પૃ.૨૧૪)



હંમેશા એની એ જ કઠોર એકલતા..... વ્યક્તિગત પરિસ્થિતિ દેખીતી રીતે દુઃખદાયક છતાં, મારી ચેતના સર્વ બાજુએથી વ્યક્તિગત મર્યાદાઓને વટાવીને આખા જગતમાં દૃઢપણે સ્થપાઈ ગઈ છે. મારી ચેતનાના ઊંડાણમાંથી કોઈ વસ્તુ પેલા અદૃષ્ટ અને સર્વજયી સાક્ષી પુરુષ પ્રત્યે વળે છે અને કહે છે, 'હે પ્રભુ, તેં મને અત્યંત ઘેરા અંધકારમાં ફેંકી દીધી છે. (કારણ) તે તારું તેજ મારી અંદર એટલી બધી સુદૃઢ રીતે સ્થાપી દીધેલું છે કે એ ભયજનક કસોટીનો સામનો કરી શકશે.... અને છતાં મારું વ્યક્તિગત સ્વરૂપ પોતાને બલહીન અને દુર્બળ હોવાનું અનુભવે છે..... કેવળ તારામાં જ એ વ્યક્તિ સ્વરૂપનું બળ અને શક્તિ રહેલાં છે. જો તું એનો ઉપયોગ કરવાને તૈયાર થાય તો કોઈ પણ કાર્ય કરવું વધું પડતું વિસ્તૃત કે સંકુલ રહેશે નહિ. પરંતુ જો તું પાછો હઠી જઈશ, તો પછી..... જેની શક્તિ કેવળ તારા બાહુઓમાં ઢળી રહેવાની અને એક એવી સ્વપ્ન વિનાની મધુર નિદ્રા લેવાની હશે કે જેમાં તારા સિવાય બીજા કશાનું અસ્તિત્ત્વ નહિ હોય.''

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ |
|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (મધુર સાક્ષીભાવનો અનુભવ) | ૩ |
| **પ્રાર્થના છે, અંતરનો પોકાર** | ૬ |
| **દિવ્યજીવન** (આનંદનો સાક્ષાત્કાર) | ૮ |
| **માતૃવાણી** (સાધકોની સમસ્યાઓ - ૧) | ૧૦ |
| **સાવિત્રી** (પ્રભુનો આદિ સંકલ્પ અને તેની ગૂઢ પ્રક્રિયા) | ૧૫ |
| **યોગ વિષે પત્રો** (અવચેતનની કાર્યપદ્ધતિ) | ૧૯ |
| **ઉપનિષદો** (મૂળ - સંજ્ઞાનનું સ્વરૂપ) | ૨૨ |
| **વેદ-રહસ્ય** (વરુણ અને મિત્રનું સ્વરૂપ) | ૨૫ |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** (શ્રી અરવિન્દનો પ્રકાશ અને દર્શન) | ૨૭ |
| **યોગ પર દીપ્તિઓ** (દિવ્ય ચેતના સાથે સંબંધ) | ૩૦ |
| **સાંજના વાર્તાલાપો** (પાર્થિવ-રૂપાંતરની શક્યતા અને શરતો) | ૩૩ |
| **વેદવિજ્ઞાન** (વેદકાલિન પ્રખ્યાત વ્યક્તિઓ) | ૩૫ |
| **ધ મધર્સ એજન્ડા** (પાર્થિવ તત્ત્વ દ્વારા યોગિક કાર્ય) | ૩૭ |
| **યોગનાં મૂળતત્ત્વો** (શ્રી અરવિન્દના સંક્ષિપ્ત જવાબો) | ૪૧ |
| **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** (આજના જીવનની માંગ (૧૦૩-૧૦૭) | ૪૩ |
| **જાતક કથાઓ** (ચતુર વાણિયો) | ૪૬ |
| **જીવનનું સત્ય** | ૪૭ |
| કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર | |



**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું**
**શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક**

**સહજ-સત્સંગ**
**અંક : ૩૨ વર્ષ : ૩**
**સપ્ટેમ્બર - ૨૦૧૫**

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**

**: સહજ સત્સંગ કાર્યાલય :**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો. ૯૮૨૪૩૭૩૯૨૯**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - **૧**

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

**અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ - રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો રાજકોટમાં જ ચૂકવાય તેવો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
કૃપયા મનીઑર્ડર નહિં પરંતુ રાજકોટમાં વસૂલ થાય તેવાં ચેક, ડ્રાફ્ટ,
**'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ'**ના નામે રાજકોટમાં જ ચૂકવાય તેવો મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



લેખકોના મંતવ્યો તેમનાં પોતાનાં છે. કાયદાકીય વિવાદનું ન્યાયક્ષેત્ર રાજકોટ ન્યાયાલય રહેશે.
(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં મૂળ લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના તેમજ એજેંડા પરના મૂળ લખાણો મીરાં અદિતિ સેન્ટર - મૈસુરના કોપીરાઈટ છે.

# મધુર સાક્ષીભાવનો અનુભવ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

માતાજીને પોતાનાં આધ્યાત્મિક સાહસમાં કોઈ ભાગિદાર..... સહયોગી મળતો નથી. તેથી એકલતા લાગે છે, પણ તે દુઃખદાયી નથી. માતાજી એક સર્વવ્યાપી ચેતનામાં પોતાની વ્યક્તિગત ચેતનાને ઓગાળી નાખીને આંતરિક સુખ માણી રહ્યાં છે. તેમની બાહ્ય જીવનમાંની પીડાઓનું રૂપાંતર તીવ્ર આનંદમાં કરી નાખવાની કિમયા માતાજી જાણી ગયા છે. દુઃખને તપ તરીકે લેશો તો તપશ્ચર્યાનો આનંદ પ્રગટ થવાં લાગે છે.

માતાજી એક જગતમાં સર્વત્ર ફેલાયેલી નિર્લેપ ચેતનાનો, સાક્ષીપુરુષનો, અક્ષરબ્રહ્મનો સાક્ષાત્કાર કરી રહ્યાં છે.

માતાજી કહે છે કે હું પેલી સાક્ષીચેતનામાં દૃઢ થઈ ગઈ હોવાથી બાહ્યજીવનનાં દુઃખો અનુભવાતા નથી.

છતાં માતાજી જ્યારે પોતાના વ્યક્તિગત સ્વરૂપનો વિચાર કરે છે ત્યારે તેમને તે બલહીન અને દુર્બળ જ લાગે છે. માતાજી જાણે છે કે તેમના વ્યક્તિ સ્વરૂપમાં પ્રાણપૂરનાર, શક્તિ દેનાર, તેને ટકાવી રાખનાર તત્ત્વ તો પ્રભુ પોતે જ છે. જો પ્રભુ ધારે તો દુર્બળ સ્વરૂપ દ્વારા પણ ભવ્ય અને જટિલ કામ સહેજ રીતે કરાવી શકે છે.

જો પ્રભુની ચેતના પાછી હઠી જાય અને વ્યક્તિ સ્વરૂપને સાક્ષીચેતનામાં રહેવાનું આવડતું હોય તો તે પેલી સાક્ષીચેતનાના બાહુઓમાં ઢળી પડે છે અને પેલી અસીમ નિર્લેપ સાક્ષી ચેતના સાથેની એકરૂપતા ધારણ કરીને જાણે મધુર નિદ્રા - સહજ સમાધિ અનુભવે છે. તે સ્થિતિમાં પ્રભુ સિવાય કોઈ સ્વતંત્ર અસ્તિત્વ માતાજી અનુભવતા નથી.

# પ્રાર્થના છે, અંતરનો પોકાર

- જ્યોતિબેન થાનકી

શ્રી અરવિન્દે પણ પ્રાર્થનાની શક્તિનું નજરે જોયું, ત્યારે તેમને પ્રાર્થનાની શક્તિમાં વિશ્વાસ બેઠો. તેઓ તો ચૌદ વર્ષ સુધી ઈંગ્લેંડમાં રહીને ભણ્યાં હતાં. સાત વરસની ઉંમરે માન્ચેસ્ટરનાં પાદરીનાં ઘરે રહ્યાં હતાં. ત્યાં રોજ સૂતાં પહેલાં પ્રાર્થના થતી. એ પ્રાર્થના યંત્રવત્ બોલી જતાં, પણ પ્રાર્થનામાં શક્તિ રહેલી છે, એ અનુભવ તેઓ ભરતમાં પાછાં આવ્યાં ત્યાં માસીની દીકરી ખૂબ જ માંદી હતી. ડૉકટરોએ કહી દીધું કે હવે તેની બચવાની કોઈ આશા નથી. ત્યારે ઘરનાં બધાં જ સભ્યો ભેગા થઈને તેને સાજી કરી દેવા ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યાં ! થોડાં સમયમાં તેની ચેતના પાછી આવી અને પછી ધીમે ધીમે તે સાજી થઈ ગઈ. પ્રાર્થનામાં મૃતપાય થયેલી વ્યક્તિને સંજીવની બક્ષવાની પણ શક્તિ રહેલી છે, ભગવાન પ્રાર્થના સાંભળે છે, એની પ્રતીતિ શ્રી અરવિન્દને ત્યારે થઈ. અને પછી તો ભગવાન સ્વયં એમને અનેક અનુભૂતિઓ કરાવતાં કરાવતાં, છેક અતિમનસનાં સર્વોચ્ચ શિખરે લઈ ગયાં. શ્રી અરવિન્દે એક સાધકને લખ્યું હતું, ‘‘જો તમારામાં પૂરતા પ્રમાણમાં સાચી અભીપ્સા હોય, અથવા તો પૂરતા પ્રમાણમાં ઉત્કટ પ્રાર્થના હોય તો તમે બધું જ પલટી નાંખવા સમર્થ એવું કશુંક તમારામાં નીચે લાવી શકો.’’ એટલે કે ઉત્કટ પ્રાર્થના દ્વારા ભગવાનની એવી કૃપાનું અવતરણ થાય છે કે એ કૃપા બધું જ પલટી નાંખે છે. સમગ્ર પરિસ્થિતિ જ બદલાઈ જાય છે.

**પ્રાર્થનામાં જરૂર છે શ્રદ્ધાની :**

શ્રદ્ધા એટલે વિપરિત સંજોગોની વચ્ચે પણ અંતરમાંથી ઊઠતી સફળતાની ખાતરી. પ્રાર્થના શ્રદ્ધા સાથે થાય તો જ એ પ્રાર્થના ફળે છે. શ્રી માતાજી કહે છે કે એક બાળકના જેવો વિશ્વાસ હોવો જોઈએ. બાળકને ખાતરી હોય છે કે જે વસ્તુ મેં માંગી છે, તે મને મળવાની છે. આથી તે તેમાં શંકા કરતું નથી. આવો સંપૂર્ણ

વિશ્વાસ એ જ મહત્ત્વની વસ્તુ છે, ઘણાં વખત પહેલાં મુંબઈમાં વરસાદ નહોતો થયો. એટલે રવિવારે બધાં બાળકોને પ્રાર્થના કરવા માટે શાળામાં બોલાવવામાં આવ્યાં. આ બધાં બાળકો પોતાની સાથે રેઈનકોટ અને છત્રી લઈને આવેલાં ! એમને સંપૂર્ણ વિશ્વાસ હતો કે તેઓ વરસાદ મોકલવા માટે ભગવાનને પ્રાર્થના કરવાના છે, એટલે વરસાદ આવશે જ ! જ્યારે મોટાંઓ અને તેમના શિક્ષકો કોઈ છત્રી લઈને નહોતા આવ્યા, કેમ કે તેમને પોતાની પ્રાર્થનામાં વિશ્વાસ જ નહોતો ! પણ બાળકોનો વિશ્વાસ દૃઢ હતો અને ખરેખર વરસાદ આવ્યો ! આવી બાળકના જેવી સરળતા અને શ્રદ્ધાથી જો પ્રાર્થના કરવામાં આવે તો તે પ્રાર્થના જરૂર ફળે છે. બાઈબલમાં ઈસુ ખ્રિસ્ત પણ કહે છે કે, ''તમે માંગો એટલે મળશે અને ખખડાવો એટલે બારણા ખૂલશે.'' પણ આ સંપૂર્ણ શ્રદ્ધાથી કરવું જોઈએ. જો શંકાશીલ મનથી કરવામાં આવે તો કંઈ જ મળતું નથી કે ખૂલતું પણ નથી. શ્રી માતાજી કહે છે કે, ''બાળકના જેવો વિશ્વાસ એ સહુથી અગત્યની શરત છે. જો માણસનાં મનમાં વિરોધાભાસ અને શંકાઓ ન હોય તો બધું બરાબર ગોઠવાતું રહે છે. મારે જેની જરૂર છે, તે મને આપવામાં આવશે, જો હું પ્રાર્થના કરીશ તો તેનો પ્રત્યુત્તર જરૂર મળશે. જો હું મુશ્કેલીમાં હોઈશ અને મદદની માગણી કરીશ તો મને મદદ મળશે.'' આવી અતૂટ શ્રદ્ધા હોવી જોઈએ. કોઈ પણ જાતની દલીલ વગરની, વિરોધ વગરની, શંકાની જેના ઉપર છાયા પણ ન પડી હોય એવી નિર્મલ, સ્થિર અને દૃઢ શ્રદ્ધા હોય તો શ્રી માતાજી કહે છે કે, ''એવી એક પણ પ્રાર્થના નથી કે જેનો ઉત્તર ન મળે, એવી એક પણ અભીપ્સા નથી કે જે સાક્ષાત્કાર ન પામે.''

---

(પૃ.૪૬ ઉપરથી) **જાતક કથાઓ**

**''હું મહારાણીને પૂછી જોઉં.''**

**મહારાણીને ઘરેણું બતાડતા જ તે બોલ્યા, ''આ તો આપણે જ દાટેલાં ધનમાં હતું. અહીં ક્યાંથી આવ્યું ?''**

**રાજા વણિક શેઠનો મર્મ સમજી ગયા. તરત સૈનિકોને તે સાધુને પકડી લાવવા મોકલ્યા.**

**સાધુ મહારાજના ખજાના સાથે પકડાયો. સાધુની રમત ન ફાવી.**

# દિવ્ય-જીવન

- શ્રી અરવિન્દ

## આનંદનો સાક્ષાત્કાર

પ્રકરણ - ૧૨

**સમજૂતી** - માનસિંહ ચાવડા

સર્વસામાન્ય માનવ જેને આનંદ માને છે તે તો પરમાનંદનાં ઉછળતાં એકલદોકલ મોજા કે ફીણ માત્ર હોય છે. પરમાનંદ એટલે અસીમ સત્ તત્ત્વ - આત્મતત્ત્વ - પોતાને જ પોતે અનુભવે છે ત્યારે નિર્માણ થતો આનંદ. આત્મામાં પોતાને જ અનુભવવાની શક્તિ છે. તે આદિ શક્તિ છે - આદ્યાશક્તિ છે. તે શક્તિમાંથી જ ઉપર મુજબનો પરમાનંદ પ્રકટ થતો હોય છે. તે આદ્યાશક્તિ જ આનંદમયી છે. આત્મતત્ત્વ પોતે જ આનંદ સ્વરૂપ છે અને તે પોતાની જ આત્મશક્તિ દ્વારા આ પોતાના આનંદ સ્વરૂપને પ્રકટ કરે છે.

આ આનંદ તત્ત્વ આત્માની નિરાકાર અવસ્થામાં અને સાકાર અવસ્થામાં - બંને અવસ્થામાં અખંડિત રહે છે. આત્મતત્ત્વ આકાર ધારણ કરે છે ત્યારે પણ તેનું સ્વરૂપ તો આનંદમય જ હોય છે.

પણ આપણું પોતાના સ્વરૂપનું અજ્ઞાન જ તે આનંદ તત્ત્વને પ્રકટ થવા દેતું નથી, તેથી આનંદ આપણને પ્રાપ્ત કરવો અઘરો લાગે છે.

આનંદને પ્રકટ કરવા જ પરમ-ચેતનાએ વિવિધ રૂપો ધારણ કરેલાં છે. દરેક પ્રાણીમાત્રમાં દેખાતી તીવ્ર જીજીવિષા એ દર્શાવે છે કે તે પોતાનું સ્વરૂપ ત્યાગવા ઈચ્છતું નથી. આ પોતાનાં આકારને વળગી રહેવાની તીવ્ર ઈચ્છાનું મૂળ કારણ એ છે કે તે પ્રાણીને જાણતાં અજાણતાં જીવનમાંથી જે આનંદ પ્રાપ્ત થાય છે તેને તે વળગી રહેવા માંગે છે. પ્રાણમય વિશ્વમાં આનંદ જીજીવિષા તરીકે પ્રગટ થાય છે. જીજીવિષા એટલે આત્મરક્ષણ કરવાની વૃત્તિ, જડ પદાર્થમાં તે જ આનંદ

જડતા તરીકે પ્રકટ થતો હોય છે. જડતા એટલે પોતાની સ્થિતિ યથાવત્ રાખવાની ટેવ.

મનોમય સૃષ્ટિમાં તે જ આનંદ ''મોહ'' તરીકે ''મમતા'' તરીકે પ્રકટ થાય છે. જે પોતે પ્રાપ્ત કર્યું છે તેને તે પકડી રાખવા ઈચ્છે છે, તેને ટકાવી રાખવા ઈચ્છે છે. મનોમયસૃષ્ટિથી ઉપરની સૃષ્ટિઓમાં આનંદ અવિનાશિતાની - અમૃતની - ભાવના સ્વરૂપે પ્રકટ થાય છે.

જડ પદાર્થોની જડતા, પ્રાણમય જગતમાંની જીવન ટકાવી રાખવાની જીજીવિષા, મનોમય જગતમાંની ''મમતા'' અને મનની ઉપરની સૃષ્ટિઓમાં પોતે અવિનાશી અમૃત તત્ત્વ છે, એવી સનાતનતાની ભાવના, આ બધાં જ આત્મતત્ત્વના, પોતે સનાતન તત્ત્વ છે, તેનાં વિવિધસ્તરનાં પ્રકટીકરણો છે. સનાતનતામાં જ વિશાલતા હોય છે અને વિશાલતામાંથી જ આનંદ પ્રકટ થાય છે ''ભૂમા વૈ સુખમ્'' એ ઋષિઓનો અનુભવ છે. ભૂમા એટલે વિશાળતા.

પરમ ચેતના પોતે વિશાલતાનાં આનંદમાં અહર્નિશ મગ્ન હોય છે. પણ તે પોતાના સાકાર સ્વરૂપોમાં પણ તે વિશાલતાને ટકાવી તેનો સાક્ષાત્કાર કરવા ઈચ્છા ધરાવે છે. તે માટે જ આ જગત નિર્માણ થયેલ છે. સાકાર ચેતના જીવન દરમિયાન પોતાની વિશાલતાની ખોજ આદરે છે અને તે પ્રાપ્ત થતાં જ આનંદ અનુભવે છે. આ આનંદ પોતે જ પોતાને ઓળખવા સ્વરૂપનો હોય છે. આને જ લોકો આત્મ સાક્ષાત્કાર ગણાવે છે. "know thyself" આ સોક્રેટીસનો ઉપદેશ આ જ મૂળભૂત ઘટના તરફ ધ્યાન દોરે છે.

આવી રીતે સમગ્ર જગતના સર્જનનો હેતુ છે. આત્મસાક્ષાત્કાર દ્વારા પરમાનંદને પ્રાપ્ત કરવો.

## પુસ્તકોના ઓર્ડર બાબત

પુસ્તકોનો ઓર્ડર લેખિત મોકલો. પોતાનું સરનામું તથા
મોબાઈલ/ફોન નંબર લખશો.
પુસ્તકો પોસ્ટથી કે કુરિયરથી મોકલવા તે પણ જણાવશો. - ટ્રસ્ટીશ્રીઓ

## માતૃવાણી
- શ્રી માતાજી

### અવતરણો

# સાધકોની સમસ્યાઓ - ૧

(માતૃવાણી-૧૫ પૃ. ૩૦૩-૩૦૬)
(તા.૨૧ જુલાઈ અને ૧૦ ઑક્ટોબર ૧૯૫૮)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

### શક્તિનો દુર્વ્યય

૧ સાધકને માગણી કરતાં બે કે ત્રણ ગણો ડૉઝ શક્તિનો આપવામાં આવે છે. પૃ.૩૦૨

૨ આ શક્તિ બે કારણોસર આપવામાં આવે છે - અકસ્માત કે માંદગીથી નિર્માણ થયેલી અવ્યવસ્થાનું સમારકામ અને પોતાની રૂપાંતરની ક્રિયા આગળ વધારવા માટે. પૃ.૩૦૨

૩ પણ સાધકો શક્તિનો વ્યય કરી નાખે છે, ત્યારે જ તેઓ પોતાને જીવંત અનુભવે છે. પૃ.૩૦૨

૪ શક્તિનો વ્યય ન કરવો એટલે આપેલી શક્તિનો તેના હેતુ માટે જ વ્યય કરવો. પૃ.૩૦૩

૫ સાધકે અકસ્માત અને માંદગીનું સાચું કારણ શોધી કાઢવું જોઈએ. જે રૂપાંતરિત નથી તેનું અભીપ્સાથી રૂપાંતર કરવું જોઈએ. પૃ.૩૦૨

૬ વિશિષ્ટ કાર્ય માટે શક્તિ આપવામાં આવી હોય તો તે તેના હેતુ માટે જ વપરાવી જોઈએ.

૭ લોકોને પોતાની જાત ઉપર કાબૂ રાખવાની શક્તિ હોતી નથી, તેથી

તેઓ અસહનશીલ બની જાય છે. પૃ.૩૦૩

## મનોમય-રચનાનો દુરુપયોગ

૧ તમારા તરફ મોકલેલી શક્તિને જો તમે તમારી તરફ ખેંચો એટલે કે તમે તેની મનોરચના કરો, તો તમે તેને મૂળ હેતુમાંથી વેરવિખેર કરી નાખો છો અને તેનું વિઘટન કરો છો. પૃ.૩૦૩

૨ ગુરુ તમારી અનુભૂતિ સાંભળે તો તેઓ તમારામાં પોતાનું બલ, જ્ઞાન અને તેમની અનુભૂતિ તે શક્તિમાં ઉમેરે છે. તમારી મનોરચનાનું સમારકામ કરી આપે છે. પૃ.૩૦૪

## આત્માનું સૌંદર્ય

૧ આ યોગ કરવા માટે માણસમાં સૌંદર્યની ભાવના હોવી જોઇએ. પૃ.૩૦૪

૨ આ સૌંદર્ય છે આત્માની ભવ્યતા. પૃ.૩૦૪

૩ જ્યારે આત્મા સ્થૂલ-વસ્તુમાં દૃષ્ટિગોચર થાય છે ત્યારે તે તેને ભવ્યતા, સૌંદર્ય અને પ્રભાવ આપે છે. પૃ.૩૦૪

૪ (તે ભવ્યતા અને સૌંદર્યના અભાવે) જે અંગો સુંદર હોય તે પણ ભયાનક બની જાય છે - ધર્મમાં આને 'પાપની સજા' કહેવામાં આવે છે. પૃ.૩૦૫

## ભૌતિક-વસ્તુઓમાં પ્રભુની પૂજા

૧ ધર્મોમાં ગુહ્યવિદ્યાની દીક્ષામાં જુદાં - જુદાં વિધિવિધાનો આપવામાં આવે છે. તેમાં નાનામાં નાની ભૂલ પણ ભયંકર પરીણામ લાવે છે. પૃ.૩૦૫

૨ જો શરીરને પ્રભુનું નિવાસસ્થાન તરીકે ગણવામાં આવે તો ઔષધીય-વિજ્ઞાન શરીરનાં મંદિર માટે દીક્ષાનું વિધિવિધાન બની જાય છે. પૃ.૩૦૫

૩ શારીરિક-શિક્ષણ માટે પણ એ જ રીતે કહી શકાય. બધાં ભૌતિક-વિજ્ઞાનો પૂજા માટેની વિધિઓ છે. પૃ.૩૦૬

૫ જો વ્યક્તિ શારીરિકમાં પ્રભુની પૂજા વિશે જાણી શકે તો તે બધી જ ક્રિયાઓ એક પૂર્ણ દીક્ષિત તરીકે કરી શકે. પૃ.૩૦૬

❖

## શક્તિનો દુર્વ્યય રોકો

કોઈ સાધક માતાજીને પોતાની મુશ્કેલી નિવારવા પ્રાર્થના કરતાં ત્યારે માતાજી તેમની જરૂરિયાત કરતાં બે કે ત્રણ ગણી શક્તિ મોકલતાં. સાધકની ગ્રહણશીલતા મંદ હોય તો આ વધારાની શક્તિ પુરવઠામાંથી શક્તિઓ નકામી જાય છતાં સાધક પોતાની મુશ્કેલી નિવારવા પૂરતી શક્તિ લાંબા કાળે ગ્રહણ કરતો અને તેનો ઉપયોગ તેની સમસ્યા-નિવારણમાં કરતો. આ દુર્વ્યય ઘટાડવા સાધકે પોતાની ગ્રહણશીલતા વધારીને મોકલેલી પૂરેપૂરી શક્તિને ગ્રહણ કરવાની ક્ષમતા વિકસાવવી જરૂરી છે.

આ સિવાય પણ સાધક બીજી રીતે શક્તિનો દુર્વ્યય કરતો. તેમાં શક્તિનો સંચાર થતાં જ તે પોતાની સમસ્યાને જડમૂળથી નિવારવા તેનું સાચું કારણ શોધી તે વિસંવાદને સંવાદી બનાવવા આંતરિક-એકાગ્રતા કરી તે શક્તિને તે હેતુ માટે વાપરવાને બદલે પોતે દૈનંદિન ક્રિયાઓમાં, વાતો કરવામાં, તે શક્તિ વેડફી નાખતો અને તેથી મૂળ-સમસ્યાને નિર્મૂળ કરવામાં ઊણો ઊતરતો.

શક્તિનો સાચો ઉપયોગ અને વ્યય એટલે જે હેતુ માટે તે મોકલી હોય તે હેતુ માટે જ તે સમગ્ર-શક્તિ વપરાવી જોઈએ. ઘણી વખત સાધકને સોંપેલા ખાસ કાર્યની પૂર્તિ માટે માતાજી શક્તિ મોકલતાં. તેણે તે શક્તિનો ઉપયોગ તે કાર્ય માટે જ કરવો જરૂરી છે.

ઘણાં લોકો આ મોકલેલી શક્તિ જીરવી ન શકવાથી અસહનશીલ, વ્યગ્ર અને બાઝકણાં થઈ જતાં. આ વસ્તુ પણ એક પ્રકારનો શક્તિનો દુર્વ્યય જ છે. શક્તિને ધારણ કરવાં શાંતિ, સમતાની ખૂબ જ જરૂર પડે છે. શક્તિ સ્વીકારતી વખતે અને વાપરતી વખતે સમતા અને શાંતિ સાથે જ તે શક્તિને વાપરવાની ટેવ પાડવી જોઈએ.

**મનોમય - રચનાનો દુરુપયોગ ટાળો**

મોકલેલી શક્તિ સ્વીકાર્યા પછી તેને કેવી રીતે વાપરવી એનો તમે સંકલ્પ કરી દિશા આપવાનો પ્રયત્ન કરો તો તે શક્તિને વેરવિખેર કરવા જેવું થઈ જાય છે. માતાજી શક્તિને સંકલ્પ સાથે જ મોકલતા તમારા ઉપાયની મનોરચના માતાજીના સંકલ્પથી વેગળી થઈ જાય તો મોકલેલી શક્તિ બે સંકલ્પોને સિદ્ધ કરવામાં વહેંચાઇ જઇને નબળી પડી જાય છે અને પૂરેપૂરું પરીણામ દર્શાવતી નથી. આ એક રીતે આપણે આપણી મનોરચનાનો કરેલો દુરુપયોગ સમાન વસ્તુ છે, તેથી માતાજી શક્તિ મોકલે ત્યારે આવું કોઇ પોતાનું મનોમય-આયોજન ન કરો. ફક્ત માતાજીને સમર્પિત થઈ તે શક્તિને સ્વીકારો અને તે શક્તિ પોતે ધારણ કરેલાં સંકલ્પ અનુસાર પોતાની મેળે તમારામાં કાર્ય કરીને પરીણામ લાવશે.

પોતાની સમસ્યાઓ બાબત અન્ય સાધક સાથે ચર્ચા કરવાથી પણ ઘણી વખત તેનાં વિચારોથી પ્રભાવિત બનીને તમે પોતાની મનોરચના કરો છો, જે આ શક્તિનાં કાર્યમાં ખલેલ પહોંચાડે છે.

તમારી અનુભૂતિને પણ ગુરુ સિવાય અન્યત્ર ન જણાવો. ગુરુને જણાવવાથી તે તમારી અનુભૂતિને વધારે ઊંડાણ ધારણ કરવા પોતાનું બળ અંદર ઉમેરે છે જે તમને ભાવિ સાધનામાં મદદરૂપ અને દિશાસૂચક બની જાય છે. ગુરુ તમે પોતાની અનુભૂતિ બાબત જે મનોમય સમજણ પેદા કરીને મનોરચના કરેલી હોય છે તેમાં પણ સુધારા-વધારા કરીને તમારી રચનાને વધુમાં વધુ સાચી, વાસ્તવિક બનાવે છે.

**સૌંદર્યની ભાવના કેળવો**

આપણાં યોગમાં સૌંદર્યદૃષ્ટિ જરૂરી છે, કારણ મૂળ સત્-ચિત્-આનંદ સ્વરૂપે રહેલાં પ્રભુ જ જીવન દ્વારા સત્યમ્-શિવમ્-સુંદરમ્ તરીકે અભિવ્યક્ત થવાં પ્રયત્ન કરે છે. સૌંદર્ય એ આત્માનો ગુણ છે. આત્મા જ્યારે વસ્તુઓ મારફત પ્રગટ થાય છે, ત્યારે તે સાધકમાં ભવ્યતા, સૌંદર્ય અને પ્રભાવ પ્રગટ કરવા માંડે

છે. આ વસ્તુ શારીરિક કે વસ્તુના બાહ્ય દેખાવ ઉપર આધાર રાખતી નથી. વસ્તુ કદરૂપી હોવા છતાં તેની દ્વારા આત્માની અભિવ્યક્તિ તેને સૌંદર્ય અર્પે છે, કારણ તે વખતે જોનાર વ્યક્તિ તે વસ્તુની ચેતના સાથે જોડાઇ જાય છે; તેના બાહ્ય આકાર, રંગ સાથે નહિ.

આથી ઊલટું શારીરિક-સૌંદર્યથી ભરપૂર ચહેરાવાળી વ્યક્તિમાં વાસનાઓ જાગે છે ત્યારે તે જ મોહક ચહેરો ભયાનક રીતે વિકૃત્ત થઈ જતો જોવા મળે છે.

ધર્મ આને 'પાપની સજા' કહે છે, કારણ તે પ્રસંગે આત્મા પ્રગટ થતો નથી અને તેથી તેનું સૌંદર્ય પણ પેલા ચહેરામાંથી અલોપ થઈ જાય છે. આત્માને જાણે મારી નાખવામાં આવે છે અને તે પાપની સજા તરીકે તેનો સુંદર ચહેરો ભયાનક બની જાય છે.

આત્મતત્ત્વની અભિવ્યક્તિ જ જીવનને સુંદરતા આપે છે. આવી દિવ્ય-સૌંદર્યની ભાવના આપણે કેળવવાની છે.

**ભૌતિક-વસ્તુઓ દ્વારા પ્રભુની પૂજા કરો**

આપણા યોગમાં હળદર, કંકુ, ગુલાલ ચડાવીને પ્રભુની પૂજા કરવામાં આવતી નથી પણ શરીર જ પ્રભુનું નિવાસસ્થાન છે. (ઈસાવાસ્યમ્ ઈદં સર્વમ્ - ઈશોપનિષદ) એવી આંતરિક ભાવદૃષ્ટિ આપણે ખીલવવાની છે, તેથી આ શરીરરૂપી પ્રભુના મંદિરની જાળવણી માટે જે જે કરવામાં આવે, તે પ્રભુની પૂજા જ બની જાય છે.

આ રીતે જોઇએ તો બધાં ભૌતિકવિજ્ઞાનો, ઔષધિશાસ્ત્રો, વ્યાયામ એ બધાં આ પ્રભુપૂજાનાં વિધિવિધાનો બની જાય છે. તે શારીરિક-ચેતનાનું રૂપાંતર કરે છે.

પુરાતનકાળમાં આ વસ્તુ કરવા માટે દીક્ષા આપવામાં આવતી અને દીક્ષિતને અમૂક વિધિવિધાનથી જ પૂજા કરવાનું કહેવામાં આવતું અને આ બધું કરવાં માટેનો સંકલ્પ કરાતો - 'પરમાત્મા પ્રિત્યર્થે' અર્થાત્ પ્રભુનો પ્રેમ કેળવવા માટે.

સારાંશ, જીવનમાંનું દરેક કાર્ય પ્રભુની સેવાભાવથી કરો, તો તે પ્રભુની પાર્થિવપૂજા, ભૌતિક વસ્તુથી પૂજા જ બની જશે.

# સાવિત્રી - શ્રી અરવિંદ

સમજૂતી - માનસિંહ ચાવડા

# પ્રભુનો આદિ સંકલ્પ અને તેની ગૂઢ પ્રક્રિયા

પ્રકરણ-૧૫૨

(Savitri B-1, C-5, P- 75)

He could re-read now and interpret new
Its strange symbol letters, scattered abstruse signs,
Resolve its oracle and its paradox,
Its riddling phrases and its blindfold terms,
The deep oxymoron of its truth's repliques,
And recognise as a just necessity
Its hard conditions for the mighty work,
Nature's impossible Herculean toil
Only her warlock wisecraft could enforce,
Its law of opposition of the Gods,
Its list of inseparable contraries.

અશ્વપતિને હવે પેલાં આંદોલનો અથવા આકારો જે સત્ય ધારણ કરતાં હતાં તે અન્યને સમજવા મુશ્કેલ હોવા છતાં (abstruse) અને તે પ્રતિકો એક જ સત્યનાં એકાદા પાસાંને જ પ્રગટ કરતાં હોવાથી તે સત્યનાં અન્ય પાસાંઓને પ્રગટ કરતાં પ્રતીકો વેરવિખેર હોવાથી તેમને સમજવા ખૂબ જ મુશ્કેલ અથવા અશક્ય અથવા ગૂઢ લાગવાં છતાં પોતે અભ્યાસ અને સાધનાનાં કારણે સહજ

રીતે સમજી શકતો હતો અને તેમનો અર્થ ઉકેલી શકતો હતો (re-read) આ રીતે દેખાતા પ્રતીકો દ્વારા અર્થ સમજવાની ક્ષમતાને 'પશ્યંતિ-ભાષા' તરીકે શાસ્ત્રોમાં ઉલ્લેખ આવે છે. પ્રતીકોની રચના પણ ખૂબ જ સંકૂલ હોવાથી (strange) તેમનો અર્થ સમજવો મુશ્કેલ થઈ જાય છે, તે ક્ષમતાને કારણે અશ્વપતિ તે પ્રતીકો જે ભાવિ-કથન (oracle) કરતાં હતાં તેનો અર્થ લગાડી શકાતો હતો (Resolve) તેમજ તેમાં જો દ્વિઅર્થી (paradox) અર્થ નીકળતો હોય તો તેમાંથી સાચો શું છે તે પણ ખાતરીપૂર્વક જણાવી શકતો હતો. ઘણી વખત આ પ્રતીકો અંતરીક્ષમાં દેખાતા અક્ષરો દ્વારા પ્રગટ થતાં હતાં પણ તેમાં વપરાયેલ શબ્દ પ્રયોગો ઘણી વખત અર્થ કાઢવામાં પેચિદા પૂરવાર થતાં હતા (riddling phrases) ઘણી વખત તે શબ્દ - પ્રયોગો તદ્ અર્થ શૂન્ય અથવા દૂર્બોધ લાગતાં (blindfold terms) ઘણી વખત તે શબ્દ - પ્રયોગો પરસ્પર વિરોધી લાગતા (oxymoron) પણ તે સાચા અર્થમાં કોઇ ગૂઢ સત્યને પ્રગટ કરતાં હતાં (repliques) અને અશ્વપતિને જણાતું કે તે સત્યને પ્રગટ કરવા ભાષા ટૂંકી પડતી હોવાથી આવા વિરોધાભાસી શબ્દો વાપરવા જરૂરી બની જતાં હતાં.

અંતરીક્ષમાં આવા અક્ષરો દેખાવા તેને શ્રી અરવિંદ પોતાના (record's of yoga) માં ''લીપિ'' તરીકે જણાવે છે અને આકાશવાણીની જેમ સંભળાયેલા શબ્દોને 'શ્રુતિ' તરીકે જણાવે છે.

જગદંબા સ્વરૂપ પ્રવૃત્તિને એક મહાન ભગીરથ કાર્ય (mighty work) સોપેલું છે નિરાકારને આકારમાં, નિર્ગુણને ગુણો દ્વારા, નિષ્ક્રિયને ક્રિયા દ્વારા અને સ્વયં પ્રકાશિત બ્રહ્મને ઉત્ક્રાંતિનાં ક્રમ દ્વારા પ્રગટ કરવાનું બીડું જગન્માતાએ ઝડપ્યું છે. આ અતિવિકટ કાર્ય માટે (hard conditions) પ્રકૃત્તિ સતત પ્રયત્નશીલ છે. તેથી તેની કાર્ય પદ્ધતિ આપણને ગૂંચવણભરી અને સમજણ શક્તિની બહારની લાગે છે. એટલું જ નહિ અશક્ય લાગે છે.

(impossible Herculean toil) ફક્ત જગન્માતાની ગૂઢ અને સર્વ સમર્થ શક્તિ જ (warlock wisecraft) આવું કાર્ય પાર પાડી શકે છે. અન્યનું કામ નથી. તે ચતુરતાપૂર્વકના કાર્યમાં પ્રભુનાં કાર્યને પૂર્ણ કરવા મથતા દેવોનો પણ વિરોધ થતો લાગે છે (opposition of the Gods) અને ઉત્ક્રાંતિ દરમિયાન વિરોધી પરિબળોની મોટી યાદી તૈયાર થાય છે (inseparable contraries) આ વિરોધાભાસી આયોજનની પાછળ એક ગૂઢ, ગહન પૂર્ણ સંવાત્ત્મય મહાન આયોજન હોય છે.

The dumb great Mother in her cosmic trance
Exploiting for creation's joy and pain
Infinity's sanction to the birth of form,
Accepts indomitably to execute
The will to know in an inconscient world.
The will to live under a reign of death,
The thirst for rapture in a heart of flesh,
And works out through the appearance of a soul
By a miraculous birth in plasm and gas
The mystery of God's covenant with the Night.

જગન્માતાની ચેતના એક બાજુ પરમ-પ્રભુની ચેતના સાથે એકરૂપ થઈને અદિતિ તરીકે રહેલી છે તો સામેની છેડે તેઓ જગત સ્વરૂપ બનીને રહેલાં છે. તો સામેની છેડે તેઓ જગત સ્વરૂપ બનીને રહેલાં છે. મધ્ય સ્તરે તેઓ જગત રચનારા જગદંબા સ્વરૂપે રહ્યાં છે વેત્તંતની ભાષામાં કહેવું હોય તો તેઓ પ્રભુ રૂપ બની ત્રિગુણાતીત અવસ્થામાં હોય છે. જગદંબા સ્વરૂપે મધ્યા વસ્થામાં પરાપ્રકૃત્તિ કે દિવ્ય - પ્રકૃત્તિ તરીકે રહે છે અને જગત સ્વરૂપે અપરા કે નિમ્ન પ્રકૃત્તિ તરીકે રહેલાં છે. ઉચ્ચત્તમ ચેતનામાં મા ભગવતી પ્રભુ એક રૂપતાની

સમાધિ અવસ્થામાં હોય છે (cosmic trance) પ્રભુને પોતાના જ આવિર્ભાવનો આનંદ માણવો છે. તેથી પ્રભુની એ ઈચ્છાનો ઉપયોગ કરીને (Exploiting) તેઓ જગતમાં સુખ દુઃખોની ઘટના રચે છે. પ્રભુને જન્મ ધારણ કરવાની સંમતિ પણ મેળવી લે છે પ્રભુ પણ જગન્માતાની વિનંતિ સ્વીકારે છે પણ તે જગદંબાના ભાર તળે નહિ પણ સ્વૈચ્છિક બંધન સ્વીકારીને ( indomitably) અને તે અચેતનમાં તેનાં જગતને જાણવાની ઈચ્છા રાખે છે. મૃત્યુને આધિન જીવવાની પણ ઈચ્છા રાખે છે. મૃત્યુને આધિન જીવવાની પણ ઈચ્છા રાખે છે. ભૌતિક હૃદયમાં પણ દિવ્ય આનંદને ભોગવવાની તૃષા પણ રાખે છે. અને આ બધી જ પ્રકારની શક્યતાઓને આત્માનાં વિવિધ આવિર્ભાવો મારફત પ્રગટ કરે છે (works out) તેમાંનો પ્રથમ આવિર્ભાવ છે. શારીરિક કોષ અને તેમાં કાર્ય કરતાં વિવિધ તત્ત્વો plasm and gas આ હેતુથી જ અચિત્ સાથેની પ્રભુના સંબંધને માન્ય રખાયેલ છે.

Once more was heard in the still cosmic Mind
The Eternal's promise to his labouring Force
Inducing the world-passion to begin
The cry of birth into mortality
And the opening verse of the tragedy of Time.

જગન્માતાને પોતાનાં વૈશ્વિક મનમાં ફરી એક વખત (Once more) સનાતન પ્રભુનો જગત રચવાનો, જે ને શાસ્ત્રોમાં ‘સર્ગ’ કહે છે તે, તેની તીવ્ર ઈચ્છા જણાઈ અને તે ઈચ્છા દ્વારા પોતે મર્ત્ય જગતમાં જન્મે લેવા ઈચ્છે છે એવું જણાયું શ્રી અરવિંદ અહિં, ફરી એક વખત, એ શબ્દ દ્વારા આવા અનંતસર્ગોની હારમાળા ચાલુ જ છે એવો સંકેત આપે છે. આ સર્ગ કાંઈ પહેલો ને છેલ્લો નથી. જગન્માતાની સર્જન - પ્રક્રિયાને આથી આધાર અને વેગ મળ્યો Eternal's promise અને શ્રી અરવિંદ જણાવે છે કે કાળનાં પ્રવાહમાં આ જે દુઃખમય

(અનુ. પૃ. ૨૧ ઉપર)

## યોગ વિષે પત્રો
- શ્રી અરવિંદ

# અવચેતનની કાર્યપદ્ધતિ

(ભાગ.૧, પૃ.૪૦૦-૪૦૭)

પ્રકરણ - ૨૪

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ મૂલાધાર ચક્ર એ શુદ્ધ શારીરિક ચેતનાનું ખાસ કેન્દ્ર છે. પૃ.૩૯૯

૨ અવચેતનાનું મુખ્ય સ્થાન તો શરીરની નીચે (ગોઠણમાં) હોય છે. પૃ.૩૯૯

૩ અવચેતનનો અનુભવ ગમે ત્યાં (ચેતનાના સ્તરે) થઈ શકે છે. પૃ.૩૯૯

૪ નિમ્નપ્રાણમય ગતિઓનો મુખ્ય આધાર અવચેતના છે. પૃ.૩૯૯

૫ અવચેતનાનું કાર્ય બુદ્ધિરહિત, યાંત્રિક અને પુનરાવર્તન થયાં કરતું હોય છે. પૃ.૩૯૯

૬ ટેવને વશ થયેલા કાર્યનો આધાર અવચેતના છે. પૃ.૩૯૯

૭ આપણાં કાર્યનાં ત્રણ ગુહ્ય મૂળો રહેલાં છે - પરચેતના, પૃષ્ઠસ્થ ચેતના અને અવચેતના..... કોઈનાં ઉપર આપણો કાબૂ હોતો નથી. પૃ.૪૦૦

૮ વૈશ્વિક પ્રકૃત્તિની લહેરો આપણી ચેતનાની સપાટી ઉપર સીધેસીધી..... બીજાઓ મારફતે..... સંજોગો મારફતે..... બીજા માધ્યમો અથવા વાહકો દ્વારા આપણી અંદર પ્રવેશ કરે છે. પૃ.૪૦૦

૯ અનિષ્ટ વસ્તુઓ..... સામાન્ય રીતે વૈશ્વિક-પ્રકૃત્તિનાં જે તે પ્રદેશમાં ચાલી જાય છે..... (પણ ઘણી વખત)..... તે આપણી આજુબાજુનાં

વાતાવરણની ચેતનામાં (ઑરામાં) પડી રહે છે. પૃ.૪૦૧

૧૦ (અવચેતના) તે સંસ્કારો, અંધપ્રેરણાઓ, ટેવ મુજબની પ્રક્રિયાઓનો ભંડાર છે. પૃ.૪૦૩

૧૧ (અનિષ્ટ વસ્તુઓને) તેમને હાંકી કાઢવામાં આવે તો તેઓ 'પણિઓની' આ (અવચેતન)ની ગુફામાં આશ્રય લે છે. પૃ.૪૦૪

૧૨ પૃષ્ઠસ્થ ચેતના..... સપાટી ઉપરની ચેતના કરતાં તો ઘણી વિશાળ અને ઘણી ચોક્કસ છે. પૃ.૪૦૬

૧૩ અવચેતન મન..... પૂર્વજન્મમાંથી..... સંપર્કો પૂરાં પાડે છે. પૃ.૪૦૭

***************

મૂલાધાર ચક્ર શુદ્ધ પાર્થિવ-ચેતનાનું કેન્દ્ર છે. તેની નીચે જડ ભૌતિક-ચેતનાનું કેન્દ્ર જે અવચેતનનાં અને અચેતનનાં પ્રભાવ નીચે આવી ગયેલું છે તે છે. જેમ - જેમ નીચે જઈએ તેમ - તેમ અચેતન વધતું જાય છે. અવચેતનનું કેન્દ્ર ગોઠણ છે અને અચેતનનું પગની પાની (તળીયાં) પણ અવચેતનનો પ્રભાવ અને કાર્ય આપણા અજ્ઞાનગ્રસ્ત સમગ્રસ્વરૂપ ઉપર પડે છે. ચૈત્યપુરુષ અને તેની ઉપરનો જીવાત્મા વગેરે અવચેતનનાં પ્રભાવ મુક્ત હોય છે. આપણાં મન, પ્રાણ, શરીર અને ચિત્ત અવચેતનનાં પ્રભાવ નીચે આવી ગયેલાં હોય છે. નિમ્નપ્રાણ અને શરીરની ટેવોસ્વરૂપ યાંત્રિક ગતિઓને અવચેતન આધાર પૂરો પાડે છે. તેથી તે ગતિને સર્વશઃ અને કાયમીસ્વરૂપે ભાંગી નાખવી મુશ્કેલ જાય છે. ઊર્ધ્વપ્રકાશ અને દિવ્યબળ સિવાય તે રૂપાંતર પામતું નથી.

અવચેતન ફક્ત ખોટી ટેવોને જ આધાર આપે છે એ સત્ય નથી. તે સારી ટેવોને પણ તેટલો જ આધાર આપે છે. યાંત્રિક અને અભાન રીતે પુનરાવર્તન કરવું એ જ અવચેતનનો ખાસ ગુણ ગણ્યો છે.

આપણા દરેક કાર્યનાં ગુહ્ય મૂળો ત્રણ પૈકી એક ઠેકાણે હોઈ શકે છે : (૧) ઊર્ધ્વચેતના (૨) પૃષ્ઠસ્થ ચેતના અર્થાત્ આંતર - ચેતના અને ચૈત્યપુરુષ(૩)

અવચેતન. આ ત્રણે આપણી જાણ વગર આપણા બધાં જ કાર્યોને આધાર આપતાં હોય છે. અર્થાત્ બધાંનું જ (કર્મોનું) આદિમૂળ તો વિશ્વપ્રૃકત્તિ જ છે. તેમાંથી જ આપણી પ્રકૃત્તિ બંધાયેલી હોય છે, જેમાં વિશિષ્ટ દૈવી - શક્તિઓ અને અદિવ્ય - શક્તિઓ સામ - સામે કાર્ય કરીને આપણાં સ્વભાવ, વ્યક્તિત્વ અને વલણોને રચે છે. આ સમગ્ર - પ્રક્રિયાને આધાર ઉપરનાં ત્રણ તત્ત્વો આપતાં હોય છે. વિશ્વપ્રકૃત્તિમાં ઊઠેલી લહેરો આપણાં સ્વરૂપનાં બંધારણને ઘડતી હોય છે. તેમાંનો બહુ થોડો ભાગ જ આપણાં જાગૃત મનમાં પ્રવેશી કાર્ય કરતો હોય છે. મોટો ભાગ પૃષ્ઠસ્થ ચેતનામાં ચાલ્યો જાય છે અને ત્યાંથી ગમે ત્યારે પ્રગટ થઈ શકે છે. થોડોક ભાગ ઊર્ધ્વ-ચેતનાનાં કાર્યમાં વપરાય છે અને અમુક ભાગને તો આપણે સ્વીકારેલ ન હોવાથી તે વિશ્વપ્રકૃત્તિમાં પાછો ઠલવાય છે.

આવી રીતે આપણું સ્વરૂપ સતત બદલાતું હોય છે. આપણું સ્વરૂપ એટલે વિશ્વપ્રકૃત્તિનાં આંદોલનોનું એક વમળ માત્ર હોય છે, જે સતત બદલાતું હોય છે. તે પ્રવાહ નિત્ય હોય છે. ખૂબ જ વેગથી બદલાવાથી સ્થિર લાગે છે એટલું જ.

આ વમળની ગતિને કારણે જ ઘણી વખત આપણે બહાર ફેંકી દીધેલી ટેવો ફરીને પાછી વમળમાં સપડાઈને પોતાનું સ્થાન મેળવી લેતી દેખાય છે.

---

(અનુ. પૃ.૧૮ ઉપરથી)

## સાવિત્રી

જીવનની શોકાંતિકા શરૂ થઇ છે તેનું જાણે પ્રથમ મંગલાચરણ લખાયું.

શ્રી અરવિંદ કહે છે કે પ્રભુ કાંઇ પ્રવૃત્તિની મોહમાયામાં પરાણે ફસાયા નથી પણ તેમણે તે સ્વૈચ્છિક બંધન આનંદથી સ્વીકારેલું છે. પ્રભુ પોતાને પ્રગટ કરવા જાણે તપ કરી રહ્યાં છે. તપસ્વીને તપ આકરું લાગવા છતાં દુઃખદાયક લાગતું નથી તેને આકરું તપ કરવામાં જ એક છૂપો આનંદ મળે છે તેમ લોકોને જે જીવન દુઃખ અને યાતનામય લાગે છે તે પ્રભુને પોતાનું સ્વૈચ્છિક રીતે સ્વીકારેલું આકરું તપ લાગે છે અને તેની દ્વારા તેઓ તપસ્યાનો આનંદ લૂંટી રહ્યાં છે, દુઃખ એ માનવી સંવેદનોની ભાષા છે પ્રભુ તો તેને તપસ્યાની આનંદમય રમત જ માને છે.

## ઉપનિષદો - શ્રી અરવિન્દ

# મૂળ - સંજ્ઞાનનું સ્વરૂપ

(ઉપનિષદો, પૃ.૧૪૮-૧૫૫)

1 Mind was called by Indian psychologists the eleventh and ranks as the supremesense... P. 148

2 It was the sixth of the organs of knowledge and at the same time the sixth of the organs of action. P. 148

3 The senses are of knowledge is inoperative without the assistance of the mind. P. 148

4 A text in the Upanishada there should be totally at least fourteen senses: seven and seven. All senses appear to be only organisations, instrumentations of the mind consciousness, devices... P. 148

5 The conscious operation of mind is only a surface action. There is a much vaster and more potent subconscious mind which loses nothing of what the senses bring to it. (Akshitam, sarvah) P. 148

6 Hence The Upanishads declare that mind in us is infinite. P. 149

7 There is a vaster action of the sanjnana which is not limited by the action of the physcial sense- organs, P. 150

8 There is also associated with it a corresponding vaster action of Prajnana Vijnana and Ajnana... It is this vasterPrajnana

which perceived the proper relation of the words. P.  150

9 Therefore we can sense also things belong to another plane than terristrial who are without any definite image proper to the five senses. P. 151

10 Senses are not mere results of development of physcical organs in the terrestial evolution, they can be used without the use of physcial organs. P. 151

11 The sanjnana can operate without bodily organs. P.  151

12 The sense is the original capacity of consciousness to feel all that consciousness has formed. P. 151

13 The properties of form are merely operations of forces which are self-power of conscious being. P.  151

14 It is this (play of forces) that must determine the working of sanjnana or sense on whatever plane it may operate. P. 151

15 If there is no movement of the conscious being it (sanjnana) can only know its own pure static existence. P. 152

16 Without viration... there can be no act of knowledge and therefore no sense. P. 152

ભારતીય માનસશાસ્ત્રમાં મનને અગિયારમી પરંતુ મહત્ત્વની જ્ઞાનેન્દ્રિય ગણેલ છે. પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાંચ કર્મેન્દ્રિય મળીને કુલ દસ ઈન્દ્રિયો થાય છે મન બન્ને છે. જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિય પણ. તેની ગેરહાજરી હોય તો જ્ઞાનેન્દ્રિયો કે કર્મેન્દ્રિયો તેમનું કાર્ય નથી કરી શકતી.

એક ઉપનિષદમાં પાંચને બદલે સાત જ્ઞાનેન્દ્રિયની પણ વાત છે. ઈન્દ્રિયો મનનાં સાધન માત્ર છે.

મનમાં બે સ્તર છે - જાગૃત મનનું સ્તર નાનું છે પણ તેના નીચે રહેલા અજાગૃત મનનો વિસ્તાર મોટો છે. કોઈ વસ્તુની જાગૃત મન નોંધ ન લે. દા.ત. એકઅભણ ઘરકામ કરનારી કામવાળી રોજ કચરાપોતાં કરતી ત્યારે તેનો માલિક

પોતાને હિબ્રૂભાષા ઉપર પ્રભુત્ત્વ મેળવવા તે ભાષામાંનાં ફકરા રોજ મોટેથી વાંચતો.તે કામવાળીએ બરાબર તે રીતે જ બોલી બતાડ્યા. અથવા ઑપરેશન પહેલા એનેસ્થિસિયા આપેલો પેશંટ સંમોહન અવસ્થામાં ઑપરેશન વખતની બધી યાતનાઓ પોતે જણાવતો. અથવા મધમાખી પોતાના ઈંડામાંથી નીકળનારા લારા માટે માટીનાં ઘરમાં ઈંડા સાથે જ દંશ દીધેલી ઇયળ પૂરી દે છે તેથી ઇયળ બેશુદ્ધ રહે છે પણ મરતી નથી. જે તે લારા પછી ભોજન તરીકે વાપરે છે.

ઉપનિષદ તો પહેલેથી જ જણાવે છે કે મનની ક્ષમતાઓ અસીમ છે. સારાંશ, સંજ્ઞાનની ક્રિયા જ્યારે ભૌતિક ઇન્દ્રિયો કાર્ય નથી કરતી હોતી ત્યારે પણ ચાલતી જ હોય છે. તેવી જ સ્થિતિ પ્રજ્ઞાન, વિજ્ઞાન અને અજ્ઞાનની પણ છે. દા.ત. બીજા સૂક્ષ્મજગતની વસ્તુઓનું જ્ઞાન આપણે મેળવી શકીએ છીએ પણ તેમાં ભૌતિક ઇન્દ્રિયો કાર્ય કરતી જ હોતી નથી.

સારાંશ, ઇન્દ્રિયો એ ફક્ત ભૌતિક ઉત્ક્રાંતિના પરીણામ સ્વરૂપ જ વિકસેલી નથી પણ નિમ્નકક્ષાએ મને પોતાના સાધનો તરીકે પણ તેમને વિકસાવેલી હોવાથી તે ફક્ત ભૌતિકકક્ષાની જ રચના નથી.

સાચી ઇન્દ્રિયો તો ચેતનાની પોતાની ક્ષમતાસ્વરૂપ છે. ચેતનાએ પોતે રચેલાં રૂપોને, આકારોને જાણવા, માણવા માટે તે પોતાની ક્ષમતા તરીકે વિકસાવેલી છે. તેથી સંજ્ઞાન ને ચેતનાનો ઘણા સ્તરે વિસ્તાર છે.

વસ્તુના ગુણધર્મો ખરેખર તો બળની ગતિઓ માત્ર છે. તે બળ પોતે પાછું સ્વસભાન છે. તેથી પોતે જ પોતાની રચના રૂપ ગુણધર્મોને જોઈ, અનુભવી શકે છે. આકારો, રૂપો પણ ચેતનાએ રચેલા વમળો માત્ર છે. આમ, સંજ્ઞાનનું કાર્ય ને ક્ષેત્ર શું રહેશે તેનો આધાર આ બળોની ગતિવિધિઓ ઉપર આધાર રાખે છે. સંજ્ઞાનમાં મન વિવિધ સંવેદનોને ગોઠવી માનસપ્રતિમા રચે છે અને તેને અનુભવે છે. બધી સંવેદનાઓને એકી સાથેગોઠવેલી અનુભવવી એ જ સંજ્ઞાન છે. (સંજ્ઞાન =સમન્વિતમ્ જ્ઞાનમ્)

આમ, જો ચેતનામાં કોઈ ગતિ જ નિર્માણ ન થાય તો જ્ઞાનની પ્રક્રિયા પણ નહિ થાય અને તેની સંજ્ઞાનની પ્રક્રિયા પણ નહિ થાય. સંવેદન નહિ રચાય. જો ચેતના નિષ્ક્રિય રહેશે તો ફક્ત સ્થિર, નિષ્ક્રિય, અસ્તિત્ત્વ માત્રનો અનુભવ આવશે.

# વેદ-રહસ્ય
- શ્રી અરવિન્દ

# વરુણ અને મિત્રનું સ્વરૂપ

(વેદનું રહસ્ય ભા.૨, પૃ.૧૦૨-૧૧૦)

પ્રકરણ -૧૬

**સમજૂતી** - માનસિંહ ચાવડા

પોતાના અર્થઘટનોને ટેકો આપનાર ચોથા મંડલમાંનો દસમા સૂક્તનો બીજો મંત્ર આ મુજબનો છે :

**અધા હ્યગ્ને ક્રતોર્ભદ્રસ્ય દક્ષસ્ય સાધો :।**

**રથિર્ઋતસ્ય બૃહતો બભૂવ।** (૪-૧૦-૨)

હે અગ્નિ, તું (અગ્ને) અમારા સ્વરૂપમાં નિમ્ન સ્તરે ચાલતા જીવનયજ્ઞમાં (અધા ક્રતો) મંગળભાવ (ભદ્રસ્ય) અને એકાગ્રતા (દક્ષ)ને સાધવાનો (સાધોઃ) પ્રયત્ન કરે છે તે માટે જ (હિ) તું પેલા દિવ્ય સંકલ્પસ્વરૂપ ઋતમ્‌નો (ઋતસ્ય) બનીને તે જીવનયજ્ઞને વધારે વિશાલ કાર્યક્ષેત્ર કરી આપે છે. (અર્થાત્ હવે ફક્ત દિવ્ય પ્રકૃત્તિમાં જ નહિ પણ અદિવ્ય, અપરા પ્રકૃત્તિમાં પણ તે જીવનયજ્ઞ સભાન રીતે ચાલવા માંડે છે.)

સારાંશ, ઋગ્વેદમાં બે વિચારો સતત પ્રગટ થાય છે : (૧) મન, પ્રાણ, શરીરમાં સાધવાની તૈયારીરૂપ શુદ્ધિ લાવવી. (૨) તે વિશુદ્ધ તત્ત્વોમાં દિવ્યપ્રકાશને સ્થિર કરીને તેમાં દિવ્ય-સંકલ્પાનુસાર પ્રભુનું પ્રાગટ્ય.

આ જ વેદોમાં કેન્દ્રિય વિચારો છે. શ્રી અરવિન્દ આને જ રૂપાંતરની પ્રક્રિયા કહે છે.

વેદોમાં મિત્રને 'અનંતતાનો પુત્ર' તરીકે સતત વર્ણવવમાં આવે છે.

અનંતતાનું ખાસ લક્ષણ છે વિશાળતા, અસીમતા. આ ગુણ વરુણનો હોવાથી વેદોમાંવરુણ અને મિત્ર જોડાઈ ગયાં છે. તેથી સૂક્તોમાં 'મિત્રાવરુણૌ' આવા સંયુક્ત સંબોધનો જોવા મળે છે.

વરુણ વિશાળતા છે ને મિત્ર સંવાદિતા. ભાગોની સંવાદિતા સિવાય એકમ તૈયાર થતું નથી અને એકમના કાર્યક્ષેત્ર અથવા અસ્તિત્ત્વનો ક્ષેત્રવિસ્તાર એ જ વિશાળતા છે. આમ બંનેના કાર્યો સંબંધિત કાર્યો છે. ચેતનાનો વિકાસઃ વ્યક્તિ-ચેતનામાંથી વૈશ્વિક-ચેતના અને વૈશ્વિક-ચેતનામાંથી વિશ્વાતીત ચેતનામાં થતો હોવાથી ચેતનાના વિકાસનું એક કાયમી લક્ષણ તરીકે વધુ ને વધુ વિશાળતાને જ માન્ય રખાયેલ છે. વરુણની ચેતનામાં પ્રવેશવા પોતાની ચેતનાને વિશાળ કર્યા વગરનો બીજો કોઈ પ્રમુખ ઉપાય નથી. આ વિશાળતામાં જે આત્માનો પ્રકાશ-આત્મપ્રભા-પ્રગટ થવા માંડે છે તે જ મિત્ર છે. તેથી ઘણી વખત પ્રકાશદાતા સૂર્યને પણ મિત્રનું નામ આપવામાં આવે છે. આત્મપ્રભા જ સંવાદિતા રચતી હોય છે.

મિત્ર શબ્દમાં 'મિથ' ધાતુ આવેલો છે. મિથનો અર્થ જોડાઈ જવું. એકમના ભાગરૂપ બની જવું. મિથ ઉપરથી 'મિથુન' શબ્દ તૈયાર થયો છે, જે જ્યોતિષમાં એક રાશિ માટે વપરાય છે, જેનું પ્રતીક છે 'જોડકું'.

આત્મપ્રભા આપણી પ્રકૃત્તિનાં તત્ત્વોને નવા દિવ્યઘાટ આપે છે અને તેમને સંવાદમય સ્થિતિમાં એક એકમ તરીકે જોડી દે છે. આ જ મૂળભૂત કાર્ય મિત્રનું છે. વરુણ વિશાળતા દ્વારા વૈશ્વિક-શક્તિઓ સ્વરૂપ દેવોને આપણા સ્વરૂપમાં પ્રવેશ આપી કામ કરવાની તક પૂરી પાડે છે અને આ દેવો આત્મપ્રભાની જ વિવિધ પ્રકાશની છટા તરીકે પ્રવેશીને પોતાની વિશેષતા મુજબ કાર્ય કરે છે. તેમનાં કાર્યોમાં સંયોજન કરવાનું કામ Co-ordinator નું કામ મિત્ર કરે છે.

વિશ્વામિત્રનાં પુત્ર મધુશ્છંદસ્ ઋષિ આ બે દેવોના જોડાણનું ઉપર મુજબનું રહસ્ય નીચેનાં શબ્દો દ્વારા વ્યક્ત કરે છે : ''ઋત્ વડે તમે બંને દિવ્ય સંકલ્પશક્તિરૂપ સ્વરૂપનાં રૂપાંતર માટેની નિર્ણય-શક્તિને સક્રિય કરી ઋત્નો સ્પર્શ આપો છો.'' (૧-૨-૭-૯)

# શ્રી અરવિન્દ : પોતા વિષે
- શ્રી અરવિન્દ

# શ્રી અરવિન્દનો પ્રકાશ અને દર્શન

પ્રકરણ - ૪૪

(પૃ.૧૯૦-૧૯૪)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1 Shri Aurobindo's light is not the light of the illumined mind... it is the divine illumination which may act on any plane. P. 190

2 It is the basic light (blue) Shri Aurobindo manifests. P. 191

3 If it is pale blue, it may be my colour. Pale lavender blue, pale but very brilliant in its own shade. P. 191

4 Ordinary pale blue is usually the light of the Illumined Mind or something, of the Intuition. Whitish blue is Shri Aurobindo's light or Krishna' light. P. 191

5 Usually the deeper blue is Higher Mind. P. 191

6 The different blues mean different forces. P. 191 (The forms of light) It varies according to the circumstances. P. 192

7 (Shri Aurovindo's light) It can always come if you aspire patiently... but if you want that light... get rid of all other mental influences. P. 192

8 It is the general rule given to keep yourself free from any

other admiration or influences. P. 192

9 The Sadhak's may themselves bring this light by approaching me through the photo. P. 192

10 (Movements in the photos) There was a movement in the vital plane and you opened to an inner vision of it. P. 193

11 (Vision) of Shri Aurobindo coming down the stair(case) It indicates perhaps the bringing of the Divine Consciousness down... near the material. P. 193

12 Nataraja Shiva... with many hands in pale blue (colour) It is the sign of the manifestation. P. 193

13 (In the sky Shri Aurobindo's light and red light in the form of globe.) It signifises the manifestation of Shri Aurobindo's Divine light on the physical plane. P. 193

14 (Green Circle behind the head of Shri Aurobindo) The green light is that of a dynamic vital energy (at work). P. 193

15 Shri Aurobindo as tall, quite young, but very dark, I have seen myself like that sometimes and it was always the Shiva formation (Mahakala) P. 193

શ્રી અરવિન્દનો પ્રકાશ એ કાંઈ પ્રકાશમય મનનો પ્રકાશ નથી. પ્રકાશમય મન સાધારણ રીતે કાર્યરત હોય ત્યારે દીવા જેવો પ્રકાશ ધારણ કરે છે. ઊર્ધ્વમાંથી આવતી પ્રેરણાઓ તે ઝીલતું હોય છે. તેની સમજણનો તે પ્રકાશ દેખાતો હોય છે. જ્યારે તે શાંત નીરવ ધ્યાનમાં ઊતરી ગયું હોય, અસીમ ચેતનાની વિશાળતામાં જ મગ્ન હોય ત્યારે તે આછો વાદળી પ્રકાશ ધારણ કરે છે. ત્યારે તેથી પણ ઊર્ધ્વની ચેતના, અક્ષર - ચેતના તેમાં ઊતરી આવેલી હોય છે. જેને કૃષ્ણ - ચેતના પણ કહે

છે તે જ શ્રી અરવિન્દનો પ્રકાશ છે.

શ્રી અરવિન્દનો પ્રકાશ તત્કાલિન અવસ્થા મુજબ પોતાના પ્રકાશરંગોની છાંટ બદલે છે. તેમાં આછો સફેદ ઝાંયવાળો વાદળી, આછો ફાલસા (આછો વાદળી અને આછા લાલનું મિશ્રણ), આછો પણ આંતરિક પ્રકાશથી ઝળહળતો વાદળી પ્રકાશ. પ્રથમ પ્રકાશ રંગ શાંત નીરવ અવસ્થાનો છે. બીજો તે જ્યારે તે શાંતિને શારીરિકમાં પણ ઉતારતા હોય ત્યારનો હોય છે. જ્યારે ચેતના ઊર્ધ્વારોહણમાં એકાગ્ર હોય ત્યારે ત્રીજો પ્રકાશ - રંગ હોય છે. આ બધા શ્રી અરવિન્દના જ પ્રકાશ રંગો હોવા છતાં આછો સફેદ ઝાંયવાળો વાદળી એ તેમનો સહજ પ્રકાશ રંગ છે.

જો આછો વાદળી હોય અને તેમાં સફેદ ઝાંય ન હોય તો તે પ્રકાશમય મનનો અથવા તે આંતરપ્રેરણાત્મક મનનો પ્રકાશ રંગ છે. થોડોક વધારે ઘાટો વાદળી એ ઊર્ધ્વ મનનો છે. સફેદ ઝાંયવાળો આછો વાદળી એ શ્રી અરવિન્દનો અને શ્રીકૃષ્ણનો પ્રકાશ રંગ છે. તેમાંની સફેદ ઝાંય એ નિર્મળતા, નિર્લેપતા અને ત્રિગુણાતીત અવસ્થાને કારણે હોય છે, જ્યારે આછો વાદળી એ વિશાળતાનો અને શ્વેત શાંતિ, નીરવતાનો એમ સંયુક્ત પ્રકાશરંગ હોય છે.

આ પ્રકાશરંગો એ ખરેખર તો દિવ્ય-શક્તિ સ્વરૂપ હોય છે. દરેક દિવ્ય-શક્તિ પરમ-ચેતનાના એક-એક પાસાને વિકસાવવાનું કાર્ય કરતી હોય છે. તે શક્તિ કાર્ય કરતી વખતે ઉપર મુજબના વિવિધ પ્રકાશરંગો સ્વરૂપે અનુભવાય છે.

ખરેખર તો મા અદિતિ યોગમાયા જ મૂળભૂત શક્તિ છે. તે જ આદ્યાશક્તિ છે. તે જ્યારે જગતમાં તેની રચના કરવા તેને વિકસાવવા પ્રયત્ન કરે છે ત્યારે તેમને જ આપણે જગદંબા કહીએ છીએ, શ્રી માતાજી કહીએ છીએ.

**લવાજમ**

**પોતાનું સહજસત્સંગનું લવાજમ નિયમિત ભરી શ્રી માતાજી અને શ્રી અરવિન્દના આ જીવનયજ્ઞમાં સહભાગી થાઓ - ટ્રસ્ટીશ્રીઓ**

# યોગ પર દીપ્તિઓ -શ્રી અરવિન્દ

# દિવ્ય ચેતના સાથે સંબંધ

અવતરણો
(ભાગ-૧, પ્રકરણ ૩ પર આધારિત)
પ્રકરણ - ૫૪

**સમજૂતી – કમલેશ માંડવિયા**

- ...... સર્વ પ્રકારની શક્તિઓ જેમાં આવી રહેલી છે એવો અસીમ શક્તિ પુંજ, સર્વ જ્ઞાન..... મહાન જ્ઞાનજ્યોતિ..... આનંદો..... વગેરેની અનુભૂતિ પણ સાધકને થઈ શકે છે. પૃ.૫૦
- ..... શરૂઆતમાં એ..... નિરપેક્ષ, કેવલ રૂપ હોય તેમ લાગે છે..... એમાંની ..... એકમાં તે પોતાનું નિર્વાણ સાધી શકે છે. પૃ.૫૦
- ..... એક કે બધી જ..... માત્ર શાંતિ જ નહિ..... આપણી અંદર અવતરણ કરી શકે છે. પૃ.૫૦-૫૧
- ..... શરૂઆતમાં શાંતિને અને સ્થિરતાને આપણી ચેતનામાં ઊતારી લાવવા એ સૌથી વધારે સલામત છે. પૃ.૫૧
- ..... એ પ્રમાણે અવતરણ ન કરાવ્યું હોય તો..... આપણી પ્રકૃત્તિને ઘણું મુશ્કેલ પડે છે. પૃ.૫૧
- ..... ઊર્ધ્વમાં જે નિઃસીમ શક્તિ, જ્યોતિ અને આનંદ..... એ બધાં તત્ત્વો એક સામટાં મળીને આપણે જેને ઉચ્ચત્તર આધ્યાત્મિક યાને દિવ્ય ચેતના કહીએ છીએ તે બને છે. પૃ.૫૧
- ..... હૃદયના ચૈત્ય કેન્દ્ર દ્વારા જે પ્રભુ છે..... તેની જોડે આપણો સંબંધ શરૂ થાય છે. આપણામાં પ્રેમ અને ભક્તિની જે ભાવના રહેલી છે, તેનું મૂળ એ

**સંબંધમાં રહેલું છે. પૃ.૫૧**

- **..... આ રીતે મસ્તકની ઉપરના કેન્દ્ર દ્વારા પ્રભુની સમગ્રતા જોડે આપણો સીધે સીધો સંબંધ છે. પૃ.૫૧**
- **..... એ સંબંધ..... અધ્યાત્મિક નવજન્મ..... શક્ય બનાવે છે. પૃ.૫૧**

*****

ઉઘાડ અને દિવ્યતાનું અવતરણ એ વિષે શ્રી અરવિન્દ સમજાવી રહ્યા છે.

શરૂઆતમાં સાધકને જે અનુભૂતિઓ આવે છે તે તેને એક પ્રકારની નિરપેક્ષ અવસ્થામાં મૂકી આપે છે. જાણે સાધક આ જગતમાં સાક્ષીભાવે વિચારતો હોય છે. બધું જ જાણે કે એક આભાસી લાગે છે. છતાં પણ તેમની એક કોઈ અવસ્થા એવી લાગે છે કે તે તેનાં દ્વારા વ્યક્તિગત નિર્વાણ પામી શકે છે. સાધકની પ્રકૃત્તિ અનુસાર શાંતિ, પ્રકાશ-પુંજ, શક્તિ, જ્ઞાનજ્યોતિ, આનંદ વિગેરેમાંથી જે તત્ત્વ અગ્રભાગે હોય છે તેના દ્વારા તે નિર્વાણની અવસ્થાને પામી શકે છે.

પરંતુ આ દિવ્યતા - પરમ ચેતનામાં તો આ બધાં જ તત્ત્વો સમાઈ રહેલા છે. એ આદ્યા-શક્તિમાં તો સર્વે કંઈ ઓળઘોળ છે. અને તેથી જ દિવ્યતાના બધાં જ તત્ત્વો સહજતાથી સાધકમાં અવતરણ પણ કરી શકે છે.

શ્રી અરવિન્દ હવે વ્યક્તિગત નિર્વાણથી આગળ લઈ જાય છે. સૌ પ્રથમ શાંતિ અને સ્થિરતાનાં અવતરણ વગર, પ્રકાશ, શક્તિ, જ્ઞાનજ્યોતિ, આનંદ વગેરે અવતરણ પામશે તો સાધકની પ્રકૃત્તિ-ગત દોષોને કારણે સાધનામાં અનેક મુશ્કેલીઓ આવશે. તેથી શ્રી અરવિન્દ જણાવે છે કે 'શરૂઆતમાં શાંતિને અને સ્થિરતાને આપણી ચેતનામાં ઊતારી લાવવા એ સૌથી વધારે સલામત છે.''

દિવ્ય-ચેતના એટલે શું ? શ્રી અરવિન્દ સહજરીતે સમજાવે છે કે આ જે શક્તિ, પ્રકાશ, શાંતિ, જ્ઞાનજ્યોતિ, આનંદ વગેરે તત્ત્વો છે એ બધાં એક સામટાં મળીને દિવ્ય ચેતના બને છે. આ બધાં તત્ત્વો જ દિવ્ય ચેતનાના અલગ-અલગ પાસાંઓ છે, જાણે પાસાંદાર હીરો ન હોય !

હૃદય કેન્દ્ર દ્વારા સાધક આ પરમચેતના સાથે વ્યક્તિગત સંબંધમાં આવે છે. આ જ સંબંધ પ્રેમ અને ભક્તિ-ભાવને વિકસાવે છે અને સતત અભીપ્સાની જ્યોત જ્વલંત બનાવે છે. જ્યારે મસ્તકની ઉપરનાં કેન્દ્ર (સહસ્રાર) દ્વારા સાધક પ્રભુની સમગ્રતાના સંબંધમાં જોડાય છે. જે સાધકમાં વિશાલતા, નિઃસીમ સમર્પણ, પ્રભુ સાથે તાદાત્મ્ય, સનાતનતા વિગેરે તત્ત્વો લઈ આવે છે.

આ બંને ઉઘાડમાં સાધક એક નૂતન-ચેતના, જે અત્યાર સુધી ક્યારેય અનુભવી ન હોય, તે અનુભવવા લાગે છે. આ સાધકનો નૂતન-જન્મ હોય છે. સાધક સાચા અર્થમાં 'દ્વિજ' બને છે. અને શ્રી મા અને પરમ-પ્રભુના કાર્યમાં જોડાઈ જાય છે.

શ્રી અરવિન્દ 'સાવિત્રી'માં સુંદર વર્ણન કરે છે :

It is the origin and the master-clue,
A silence overhead, an inner voice,
A living image seated in the heart,
An unwalled wideness and a fathomless point.....
(Savitri : Pg. : 49)

---

(અનુ.પૃ.૪૫ ઉપરથી)

## શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો

શીખો. પોતાનાં પ્રતિકાર્યોને શુદ્ધ અને દિવ્ય કરો. હાલ તે જ તબક્કો છે. ભૌતિક સ્તરે હજી તૈયારીઓ ચાલી રહી છે.

જીવન ટૂંકું છે હરેક ક્ષણે પોતાની પૂર્ણક્ષમતાથી આંતરિક-જીવન મઠારો. યુરોપિયનો પણ આ સમજવા માંડ્યાં છે.

શરીરના કોષોમાં પણ મેં ઊતાવળ અને વ્યગ્રતા જોઈ છે.

દેખાવા કરતાં બની રહો એ મહત્ત્વનું છે. તેવું જીવન જીવો.

બુદ્ધનો 'મધ્યમમાર્ગ' એ સાચું ડહાપણ છે. કોઈ વસ્તુમાં અતિરેક ન કરો. સંતુલિત રહો. શુદ્ધ અને અભીપ્સાપૂર્ણ રહો. સત્ય નિષ્ઠ બનો.

## સાંજના વાર્તાલાપો

- શ્રી અંબુભાઈ પુરાણી

### પ્રકરણ - ૫૨

# પાર્થિવ-રૂપાંતરની શક્યતા અને શરતો

(૧૫-૮-૨૬) (પૃ.૨૪૯-૨૫૧)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

શિષ્ય : આ વર્ષની સાધનાની સફળતાનાં અંદાજ બાબત શું કહેવા માંગો છો?

શ્રી અરવિન્દ : ખાતરી અને ખાતરી નહીં બન્ને.

શિષ્ય : એટલે શું?

શ્રી અરવિન્દ : નૈતિક રીતે ખાતરી, વ્યવહારું રીતે નહીં. ભૌતિક જગતમાં હજી ઘણાં અવરોધો છે. પ્રતિકાર છે. તેને તે બાબતનો જરા પણ પશ્ચાતાપ નથી.

શિષ્ય : 'પશ્ચાતાપ નથી એટલે?'

શ્રી અરવિન્દ : દિવ્યજીવન માટે તલ ભારપણ દરકાર નથી.

શિષ્ય : 'ભૌતિક જગતનો પ્રતિકાર' એટલે શું?

શ્રી અરવિન્દ : તે ઊર્ધ્વ-ચેતના પ્રત્યે ખુલ્લું નથી. તેની ટેવ મુજબ જ ચાલે છે. માનવમાંની મૂર્ખાઈ અને અસ્પષ્ટતા - અજ્ઞાન, ભૌતિક જગત એટલે સૂક્ષ્મ પાર્થિવ જગતની વાત કરું છું. જ્યારે - જ્યારે હું કહું છું. 'પદાર્થ તત્ત્વ અભેદ્ય છે.' ત્યારે - ત્યારે પણ સૂક્ષ્મ પાર્થિવતત્ત્વ સ્વીકાર કરતું નથી તેવો છે. ભૌતિક મને સત્ય

સ્વીકાર્યું નથી એવો અર્થ છે. ભૌતિક કોષોને પણ મન છે. તેમાં હજી ઉઘાડ નથી. જ્યાં સુધી તે નહીં થાય ત્યાં સુધી કાંઈ સિદ્ધ થવાનું નથી. કારણ તે હજી રૂપાંતરની શક્યતા સ્વીકારતું નથી.

શિષ્ય : તો નૈતિક ખાતરી એટલે શું?

શ્રી અરવિન્દ : શારીરિક અસ્તિત્વમાં દિવ્ય-શક્તિને અવતરણ કરતી જોઉં છું. તેની જાગૃતિનાં ચિન્હો મને દેખાય છે.

શિષ્ય : આપ કહો છો કે ભૌતિકતત્ત્વનો ઉઘાડ મનોમય તત્ત્વના ઉઘાડ ઉપર તેમ થવા દબાણ લાવે છે. આપ શારીરિક દબાણ અનુભવી રહ્યાં છો. તેથી શક્યતા વધી ગઈ છે.

શ્રી અરવિન્દ : ભૌતિક તત્ત્વનાં અવરોધ સિવાય અન્ય કોઈ અવરોધ નથી. પણ તેનાં ઉઘાડની શક્યતા બાબત બન્ને પર્યાય સરખા લાગે છે.

શિષ્ય : જો તે પરિવર્તન ન જ કબૂલે તો?

શ્રી અરવિન્દ : તો દુસ્તર અવરોધ નિર્માણ થાય.

શિષ્ય : પ્રાણમય અને મનોમય અવરોધો ન હોય તો તેનો અર્થ આસુરી અને રાક્ષસીબળો અવરોધ નહીં કરે.

શ્રી અરવિન્દ : પ્રાણમય, મનોમય ક્ષેત્રે નહીં પણ ભૌતિક તત્ત્વની જડતા પાછળ પણ તે જ હોય છે. છતાં ભૌતિક તત્ત્વની સંમતિ મળતાં તેમની અવરોધશક્તિ ગૌણ બની જાય છે.

શિષ્ય : પ્રતિરોધ જીતવાની શરતો કઈ?

શ્રી અરવિન્દ : દેવોના જગત સાથે સીધો સંબંધ બંધાવો જરૂરી છે. સમજી શકો છો?

# વેદકાલિન પ્રખ્યાત વ્યક્તિઓ

પ્રકરણ - ૧૭

**૧૪ પ્રસ્વાપિની ઉપનિષદ :**

આ વશિષ્ટે રચેલો મંત્ર છે પિતા વરુણના ઘરમાં પ્રવેશતી વખતે ભસતા કૂતરાને તેમણે સૂવડાવી દીધેલા. (ઋ. ૭-૫૫-૨-૮)

૧૫ અસમાતિ :

તેઓ ઈક્ષ્વાકુકુળનાં રાજા હતાં. તેમને રથપ્રોષ્ઠા અસમાતિ કહેતાં. કોઈ કારણસર તેમણે પોતાના ચાર પુરોહિત ભાઈઓને, બંધુ, શ્રુતિબંધુ, સુબંધુ અને વિપ્રબંધુ જેઓ ગોપાના પુત્રો હોવાથી ગોપાયન કહેવાતા. તેમને કાઢી મૂકી બે માયાવી પુરોહિતો કિરાત અને આકુલિતને પુરોહિત બનાવેલાં. આ બન્નેએ પહેલાના ચારે પુરોહિતોનો નાશ કરવા માયાવી પ્રયોગો કર્યા. પ્રથમ સુબંધુ ઉપર કબૂતરો બનીને તૂટી પડ્યાં. તેઓને મારી નાખ્યાં. તેથી બાકીનાં ત્રણે બંધુઓએ ઈન્દ્રાદિ દેવતાઓનાં સૂક્તો ગાયા. તે જ વખતે તેમની માતા રાજા અસમ્મતિ પાસે પહોંચી તેમની સ્તુતિ કરી. તેથી રાજાને પોતાની ભૂલનું ભાન થતાં તેમની મદદે પહોંચ્યા. દરમિયાનમાં બંધુ અને અન્યોએ અગ્નિની સ્તુતિ કરતાં તેમણે સુબંધુને જીવતો કર્યો.

અસમાતિને રથ ઉપર સવારી કરવી ગમતી તેથી તેમને રથપ્રોષ્ઠ કહેતા. (ઋ ૧૦-૬૦-૧,૪,૬)

ઋ સા.ભા.૧૦.૩૩ મુજબ ઉપમશ્રવા મૈત્રાતિથિના પુત્ર હતાં. જ્યારે બૃહદદેવતાકારે ૭-૩૫-૩૬ માં તેમને મૈત્રાયણીના પૌત્ર ગણ્યા છે.

ઉપમશ્રવાના પિતાશ્રીનું અવસાન થવાથી દુઃખી ઉપમશ્રવાને શાંત્વના આપવા ઋષિ કવષ એલૂષે પ્રયત્ન કરેલો. તેનું આ સૂક્તમાં વર્ણન છે. (ઋ.સા.ભા.૧૦.૩૩)

૧૭. ઉર્વશી :

વશિષ્ટ મૈત્રાવરુણ ઉર્વશીથી થયેલ માનસ પુત્ર છે. મૈત્રાવરુણો વસિષ્ઠોર્વશા બ્રહ્મન્ મનસોડધિજાતઃ (ઋ ૭.૩૩-૧૧) અન્યત્ર ઋગ્વેદમાં તેમને નદીઓમાંની એક જણાવેલ છે. સ્મન્નદી ભિરુર્વશી વા ગૃણાતુ (ઋ ૫-૪૧-૧૯) ઈલાનો પુત્ર રાજા પુરરવાનો ઉર્વશી સાથેનો પ્રેમસંવાદ ઋગ્વેદના ૧૦ મંડલના ૯૫માં સૂક્તમાં વર્ણવેલ છે. ત્યાં ઉર્વશીને 'અપ્યા' નદી તરીકે સંબોધિ છે. ઉર્વશી જાંઘમાંથી પ્રગટી એવા પણ પૌરાણિક કથાનકો છે.

મૂળ ઉર્વશી એટલે પ્રેરણાજગતમાંથી આવેલી પ્રાણમય આંતરપ્રેરણા તે સમગ્ર માનવ સ્વરૂપમાં વ્યાપીને તેનો કબજો લઈ તેવા વિચારો પેદા કરે છે. તેથી તેનો પ્રેમી પુરુરવા પુર + રવા. વ્યક્તિ સ્વરૂપમાં નિર્માણ થશે. પુરુરવા એટલે વિચાર વાયુ.

૧૮ કુરુશ્રાવણ ત્રાસદસ્યવ :

ત્રસદસ્યુનો પુત્ર કુરુશ્રવણ ખૂબ દાનશૂર હતો (ઋ ૧૦-૩૩-૩-૪)

ઋગ્વેદનાં સાયણ ભાસ્યમાં ઋષિ અને દેવતાની વ્યાખ્યા આપી છે. યસ્યવાક્યં સ ઋષિઃ। યા તેનોચ્યતે તે દેવતા (ઋ સાભા. ૧૦-૧૦) અર્થાત્ જે વેદમાં વાક્ય બોલે તે ઋષિ અને જેના વિષે બોલે તે તેનાં દેવતા છે. એ ન્યાયે ઉપરનાં બધાંને જ દેવતા અર્થાત્ દિવ્યપુરુષો માનવમાં આવેલ છે. આ દેવતાની વ્યાખ્યા ખૂબ જ વિશાળ હોવાથી આ વાક્યમાં પડતાં સાચા દેવો છોડીને બાકીનાને બૃહત-દેવતા કહે છે.

એકંદરે જેમ રાજકારણીને પોતાનાં દેશનાં ઈતિહાસમાં પોતાનું નામ લખાવવાની ઘેલછા હોય છે તેમ વૈદિક કાળમાં રાજાઓને ઘેલછા હતી. વેદોનો આ ભાગ ગૌણ છે. ફક્ત વિગતો તરીકે વેદવિજ્ઞાનમાં આપી છે.

# ધી મધર્સ એજન્ડા

(મૂળ પુસ્તક : **Mind of cells - by Satprem** તેના પર આધારિત) **પરમસિદ્ધિનો પંથ**

- માનસિંહ ચાવડા

# પાર્થિવ તત્ત્વ દ્વારા યોગિક કાર્ય

પ્રકરણ - ૧૮

**સમજૂતી** - માનસિંહ ચાવડા

Only when this kind of tiny work of "local" (cellular) transformation is completed with a fully conscious and complete mastery of the way to use the forse, without any opposition only then... It's like a chemistry experiment you have learned to make well : you can repeat it at will everytime it is necessary 1963-107.

(Question) How can all, the work you do on your body have an effect on the corporeal substance outside of you ?

I always have found it very easy to care those who had the same thing by sending out that vibration. It works that way because the entire substance is ONE. Everything is one, you know, that's what we keep forgetting ? We live constantly with a sense of separation - but that's a complete falsehood ! -1961-112 & 254.

The emotion coming from him entered me with such violence that I almost broke into tears,... And It's always here in the lower abdomen that that identification with the world takes place... And I understood that that kind of contagion *is* kept alive as a means of action... when I put things in order here (pointing to the abdomen) it also puts things in order there - 1964-73.

Of course the central consciousness of the person is not aware of it, the person is not aware of it... where as the know what it is, but they cannot express it - 1963-1112

I am talking here about the cells of the body, but the same applied to external events, even world events... It would seem that the entire earth is like the body - 1964-269

It's more and more a general yoga - the whole earth -1962-237

It made me understand that I am put into this condition in order to acquire that power, which results from an Identification with all material things... I considered that power from a practical stand point, to organise matter, not accidentally or spasmodically as in the case of mediums, but an ORGANIZATION OF MATTER.

I learn that something happened to somebody : Something went wrong, so one labours to straighten it, to bring back light, the right vibration. - 1968-186.

માતાજી કહે છે કે પોતાનાં શરીરમાંનાં નાના-નાના કોષોને પ્રથમ પ્રકાશને ધારણ કરતાં શીખવવાનાં હોય છે. તેઓ પ્રકાશ ધારણ કરતાં થશે ત્યારે તેઓમાં આંતરપ્રકાશ અનુભવાશે - સુવર્ણમય અથવા અરુણરંગી. તે કોષો પ્રકાશના જ બનેલાં હશે. તેઓ ફક્ત પ્રકાશ ધારણ કરનારા પ્રકાશથી જુદાં માધ્યમ નહીં રહે પણ પોતે જ પ્રકાશમય બની જશે તદ્દન એકરૂપ. આ શરીરમાંનું કામ પૂર્ણ થયા બાદ કોષોમાંનો તે પ્રકાશ જીવંત બનશે. પોતાનાં સંકલ્પાનુસાર શરીર બહાર લબાઈને બહારનું કાર્ય પણ ત્યાં જઈને ઉપર મુજબ ત્યાં પ્રકાશને સ્થિર કરશે. ત્યાં પણ તે સાધકના શરીરમાંની જ પ્રક્રિયાને અનુસરશે. આ વસ્તુ રાસાયણિક પ્રયોગ જેવી બની જાય છે. ત્યાં જઈને તે જાણે 'મેળવણ'નું કામ કરે છે અને પ્રકાશમય બનવાની જાણે રાસાયણિક ક્રિયાઓ શરૂ કરે છે.

માતાજી કહે છે કે તે જગતમાંથી કોઈ પણ વ્યક્તિ વસ્તુ કે ઘટના ઉપર કામ

કરી શકે છે, કારણ બધી જ વસ્તુઓ, વ્યક્તિઓ અને ઘટનાઓ પૃથ્વી સાથે અવિભાજ્ય રૂપે જોડાયેલી છે. એક વૈશ્વિક પાર્થિવતત્ત્વ છે જેણે વિવિધ રૂપો લીધાં છે, પણ તે રૂપધારણાને કારણે મૂળ એક પાર્થિવતત્ત્વની એકરૂપતા આપણે ભૂલી ગયા હોવાથી આપણે બહાર તે દિવ્ય-શક્તિ દ્વારા પરીણામકારક રીતે કામ કરી શકતાં નથી. વિભાજન એ જ ભ્રમ છે - એજ અજ્ઞાન છે - તે નષ્ટ કરવું જરૂરી છે.

આ પાર્થિવતત્ત્વ એકરૂપ હોવાથી જેમ માતાજી પોતે બહારની વસ્તુઓ, વ્યક્તિ ઉપર કાર્ય કરે છે તેમ બહારની વસ્તુના આંદોલનો માતાજીના નાભિપ્રદેશમાં..... મણિપૂર ચક્ર મારફત આ આંદોલનોનો પ્રવેશ કરાવે છે અને માતાજી એમ માને છે કે પોતાને પણ બહારની વસ્તુ ઉપર કાર્ય કરવું હોય તો તે દિવ્ય - પ્રકાશને ઉપરથી નીચે મણિપૂરમાં અવતરણ કરાવીને ત્યાંના પ્રદેશને પ્રકાશપૂર્ણ કરીને શાંત અને સ્થિર કર્યા બાદ જ ત્યાંથી તે પ્રકાશને બહાર લંબાવવાનો હોય છે. ગૂઢવાદીઓ આને astral-projection કહે છે. પણ આ પ્રકાશ પ્રાણિક - Astral નથી પણ તેથી પણ ઊર્ધ્વ પ્રદેશમાંનો છે. તે દિવ્ય-પ્રકાશ છે, જે પરમપ્રભુનાં પ્રેમમાંથી આવિર્ભાવ પામેલો હોઈને કરુણા સ્વરૂપે નીચે અવતરણ પામી બહાર વહે છે. (I had a perception of the power, the power that comes from supreme love - 1961 - 2312)

આવી રીતે પ્રકાશ પ્રથમ આપણાં શરીરમાં અવતરણ પામે છે અને તે બાદ મણિપૂર ચક્રમાંથી બહાર લંબાઈને વસ્તુ કે વ્યક્તિની અંદર પ્રવેશીને પ્રકાશ કાર્ય કરે ત્યારે જ ભૌતિક પરીણામો દેખાય છે. પોતે ઊર્ધ્વના પ્રકાશ સાથે એકરૂપ થવા ઊર્ધ્વગતિ કરીને મસ્તકની ઉપર જ તે પ્રકાશ સાથે એકરૂપ થઈને ત્યાં ઊર્ધ્વમાંથી વસ્તુ કે વ્યક્તિ ઉપર કાર્ય કરવાથી તેના ભૌતિક પરીણામો દેખાતા નથી. એવો માતાજીનો અનુભવ છે. (I have acted from above for more than thirty years ! It does not change anything ? It does not transform..... To transform, you need to go down into body - 1961 - 182)

આ રીતે અન્ય વ્યક્તિ સાથે નાભિ દ્વારા પ્રકાશને લંબાવી એકરૂપતા સાધવા છતાં તે સામેની વ્યક્તિ તે બાબત સભાન બનતી નથી. આ સંવેદનાઓ સુખદ હોય છે. પરંતુ તેનાં શરીરના કોષો આ નિર્માણ થયેલા તાદાત્મ્યની ઘટનાને જાણે છે. મોકલેલા પ્રકાશને સ્વીકારે છે. પોતામાંનાં વિસંવાદને ઓગાળીને ત્યાં સંવાદ રચે છે અને તકલીફ નિવારે છે. પણ આ સંપૂર્ણ પ્રક્રિયા બાબત તેઓ તે વ્યક્તિને સભાન કરી શકતાં નથી અને તેથી તે વ્યક્તિ પોતાનો પ્રશ્ન હલ થયો એ જાણે છે, પણ કોણે કર્યો અને કેવી રીતે કર્યો તે તે જાણી શકતો નથી.

આ વસ્તુ કે વ્યક્તિમાંનો સંવાદ નિર્માણ કરવો અને તે માટે પ્રકાશનું શરીરમાં અવતરણ કરાવવું અને પ્રકાશને બહાર મોકલી કાર્ય કરવું આ ભૂવાઓમાં આવતાં આવેશો જેવી એકલદોકલ ઘટના નથી પણ વૈશ્વિક કાર્યનો એક ભાગરૂપ છે.

વૈશ્વિક પાર્થિવતત્ત્વને વધારે ને વધારે સમગ્ર રીતે પ્રકાશમય કરી સુસંવાદી કરવાનો જે ઉત્ક્રાંતિનો પ્રયત્ન ચાલુ છે તેનાં ભાગરૂપ આ કાર્ય છે આ ઉત્ક્રાંતિની પ્રક્રિયાનો ભાગ બની જાય છે. વ્યક્તિગત સિદ્ધિ નથી હોતી. તેથી આ વૈશ્વિક યોગ છે - General yoga છે.

માતાજીને આ ઉત્ક્રાંતિનું માધ્યમ બનાવવા જ અનુભૂતિ આવતી હતી.


**રાજકોટ કેન્દ્રના નવા પ્રકાશનો** (લે.માનસિંહ ચાવડા)

**(એજેંડા ઉપર આધારિત)**

| | | |
|---|---|---|
| ૧ | શ્રી માતાજીનું જીવન કાર્ય - ભાગ-૧ | કિં. ૨૭૫/- |
| ૨ | શ્રી માતાજીનું જીવન કાર્ય ભાગ-૨ | કિં. ૨૭૫/- |

**સાધનાલક્ષી પુસ્તિકાઓ (શ્રી અરવિન્દ વિચારધારા અંતર્ગત)**

| | | |
|---|---|---|
| ૧ | વર્તમાન કટોકટી અને ભાવિ પ્રગતિ (પુસ્તિકા-૨૪) | કિં. ૨૦/- |
| ૨ | પરમપ્રભુનો દિવ્ય સંકલ્પ અને તેની શક્તિઓ (પુ.૨૬) | કિં.૨૫/- |
| ૩ | યોગોનો સમન્વય (પુ.૨૫) | કિં.૨૫/- |
| ૪ | આંતરિક વિકાસ માટે જરૂરી વલણો (પુ.૩૨) | કિં. ૩૦/- |

- ટ્રસ્ટીશ્રીઓ

# યોગના મૂળ તત્ત્વો

- શ્રી અરવિન્દ

## શ્રી અરવિન્દના સંક્ષિપ્ત જવાબો

## વિભાગ - ૨

પ્રકરણ - ૧

**સમજૂતી** - માનસિંહ ચાવડા

### (૧૩) પૂર્ણતાની (Perfection)ની ભ્રામક - કલ્પનાઓ

સાધક : 'પી'ને પેતાનાં સૌચગૃહ (સંડાસ)નાં દરવાજાના ઉપરનો ભાગ કપાવી નખાવવો છે જેથી તેને અંદર થોડો વધુ પ્રકાશ આવે. મેં આ બાબતમાં 'સી' સાથે ચર્ચા કરી. સીએ કહ્યું કે તેમ કરવાની જરૂર નથી. (કારણ સંડાસની દુર્ગંધ રૂમમાં ફેલાવવાની શક્યતા ઊભી થાય છે) આજે 'સી' એ મને કહ્યું કે આ તમારાં અધિકારની વાત હતી. તમારે ચર્ચા એવી કરવાની જરૂર નહોતી. તમારે તમારી રીતે તે પતાવી નાખવાની જરૂર હતી. તે પછી 'એલ' એ 'સી'ની માગણીમાં વધુ તથ્ય છે એ અનેક તર્કબદ્ધ કારણો આપી મને જણાવ્યું. ખરેખર તો 'સી' સમજે છે તેમ દરવાજાનો તે પ્રશ્ન નહોતો. (વધારે પાવરનો બલ્બ લગાડવાથી પ્રશ્ન હલ થઈ જાત) પરંતુ પોતાનો જ આગ્રહ અને ઈચ્છાપૂર્ણ થવી જ જોઈએ એ તેનો આગ્રહ હતો. તે માટે તેમણે તર્કબદ્ધ કારણો રજૂ કર્યો કે મેં મારાં કાર્યનાં ક્ષેત્રમાં પોતે જ નિર્ણય ન લેતાં અન્યનાં પ્રભાવ નીચે દરવાજો ન કપાવવાનો નિર્ણય લઈને મારાં કર્તવ્યની પૂર્ણતાનો ભાવ ઘટાડી નાંખ્યો છે.

શ્રી અરવિન્દ : બધાં લોકોની ઈચ્છા એવી હોય છે કે તેમની ઈચ્છાની યોગ્યતા

તપાસ્યા વગર અથવા બીજા સાથે ચર્ચા કર્યા વગર તે પૂર્ણ કરવી જોઈએ. તેમની કર્તવ્યની પૂર્ણતાની વાત તો મૂર્ખાઈ ભરેલી છે. પૂર્ણતાનો અર્થ આપ ખુદ નિર્ણય લેવો એવો જરા પણ નથી. તે મનોભૂમિકા બદલવાનો પ્રશ્ન છે આવી મનોભૂમિકા તો ઈચ્છાઓનો પરિત્યાગ અને ઊર્ધ્વ ચેતનાને સમર્પિત થવાથી જ આવે છે.

## (૧૪) વાતાવરણનું વૈચારિક પ્રદૂષણ

સાધક : કેવો વિચિત્ર દિવસ ઊગ્યો. શ્રી માતાજી ખરેખર કોઈને પ્રેમ કરી શકે ? આ બાબતે અનેક તર્કકૂતર્કોની હારમાળા સર્જાઈ. શ્રી માતાજીની ઉચ્ચત્તમ ચેતનાની કક્ષાએ શું માનવી પ્રેમ શક્ય છે ? શ્રી માતાજી એકાદુ ફૂલ આપે અથવા આપણને જોઈને સ્મિત કરે, તેનો અર્થ પ્રેમ ન હોઈ શકે ? આવી શંકાઓનો ચક્રવાત મારા મનમાં ઘૂમરાવા લાગ્યો. કોઈ-કોઈ વખતે આ વિચારો બાબત વિરોધ પણ જાગ્યો. કોઈ વખત મને પોતામાં અવસાદ પણ જાગ્યો. કોઈ વખત આવા વિચારો બાબત અવિશ્વાસ પણ અનુભવ્યો.

શ્રી અરવિન્દ : આ વિચારો તમારાં પોતાનાં હોતાં નથી. તે આજુબાજુનાં વાતવરણમાંના હોય છે. જે ખેંચાઈને તમારામાં પ્રવેશી જાય છે.

## (૧૫) બહિર્મુખ અને આંતરર્મુખ કાર્યમાં થતો ચેતનાનો સહજ પ્રવેશ

સાધક : હવે અનેક દિવસોના ઓછી સક્રિયતાના દિવસો બાદ વધુ સક્રિયતામાં પ્રવેશવું વધારે સહેલું બની ગયું છે. ફક્ત થોડોક ધક્કો મારતા હું વધુ સક્રિય બની જાઉં છું. પણ કાર્યમગ્નતાનાં કાળ પછી તરત આંતર્મુખ બની જવું થોડુંક મુશ્કેલ લાગે છે. અર્થાત્ પહેલાં કરતાં તે હવે થોડુંક વધારે સહેલું બની ગયું છે.

શ્રી અરવિન્દ : તે શારીરિક - ચેતનાની નમનીયતા વધી ગઈ છે તેનું એક પ્રગતિદર્શક લક્ષણ છે.

# આજના જીવનની માંગ (૧૦૩-૧૦૭)

પ્રકરણ - ૫૯
(માતૃવાણી ભા.-૧૦ - પૃ.૧૦૩-૧૦૭)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(૧) સન્યાસનાં વખાણ કરતાં વિવેકાનંદે કહ્યું હતું કે, ભારતનાં સમગ્ર ઈતિહાસમાં એક જ જનક થઈ ગયા, એ વાત બરાબર નથી. કારણ કે જનક એ કોઈ વ્યક્તિનું નામ નથી; પણ આત્મસમ્રાટ રાજાઓનાં વંશનું નામ છે. એ એક આદર્શનો વિજયઘોષ છે (૧૦૩)

(૨) લાખો ભગવાં વસ્રધારી સંન્યાસીઓમાં પૂર્ણતાને પામેલા કેટલા છે ? થોડીક સિદ્ધિઓ અને થોડાંક ઉપર છલ્લાં અનુમાનો વડે એ આદર્શને સાચો ઠરાવવામાં આવે છે (૧૦૪)

(૩) સંન્યાસીઓ સેંકડોની સંખ્યામાં થઈ ગયા છે કારણ કે સંન્યાસનો ઉપદેશ ઘણી જગ્યાઓએ અપાયેલ છે અને અનેક પ્રકારે તેનું આચમન થયેલું છે. જો આદર્શમય નિર્મુક્તિ વિષે પણ તેમજ થાય તો આપણને સેંકડો જનકો મળી રહેશે. (૧૦૫)

(૪) સંન્યાસીનો ખાસ વેશ છે, બાહ્ય ચિહ્નો છે. લોકો ધારે છે કે તેથી તેઓ સંન્યાસીને સહેલાઈથી પિછાની શકશે પણ જનકની નિર્મુક્તિ આત્મઘોષણા કરતી નથી તે તો દુનિયાદારીનો વેષ પહેરે છે. નારદ પણ તેની પાર જોઈ શક્યાં ન હતાં. (૧૦૬)

સામાન્ય માણસનું જીવન જીવવું અને છતાં દુનિયામાં નિર્મુક્ત રહેવું તે ઘણું મુશ્કેલ છે. પણ તે મુશ્કેલ છે માટે જ તેને માટે પ્રયત્ન કરવો જોઈએ અને સિદ્ધિ

પ્રાપ્ત કરવી જોઈએ. (૧૦૭)

* * * * *

માતાજી : આસક્તિઓમાંથી છૂટવા ભાગી છૂટવું એ જ કાંઈ એક જ માર્ગ નથી. મુક્તિ જીવનનાં સર્વ પ્રકારનાં સંવેદનોમાં અનુભવવાની વસ્તુ છે. સંવેદનો ન અનુભવીને મળતી મુક્તિ ટકાઉ હોતી નથી. અસત્યભાષણ ટાળવા મૌનવ્રત સ્વીકારવું સહેલું છે. પણ સહજ વ્યવહારમાં સત્યભાષણ કરવું અઘરું છે. આ જ વસ્તુ ખોરાક બાબત છે. સ્વાદ ઉપર વિજય મેળવવા અપવાસ એ સહેલો ઉપાય છે. પણ આજના તબક્કે ખોરાક વગર, પોષક તત્ત્વો વગર, શરીર ટકવું મુશ્કેલ છે. આમાં બકરું કાઢતાં ઊંટ પેસે છે.

નિર્વાણ એ પલાયનવાદી માર્ગ છે. પ્રભુ તો નિર્વાણમાં હતાં જ. જગત રચીને ઉપાધિ વહોરવાની જરૂર નહોતી. જગત નિર્મિતિનું કોઈ અન્ય કારણ છે. તે ફક્ત નિર્વાણ નથી પણ ભૌતિક-જીવન જીવતા પણ પ્રભુ સાથેની એકતા એ જ જગતનિર્મિતિનો અર્થ છે. પ્રભુ વિરોધી ભાવોનાં સહઅસ્તિત્ત્વમાં માને છે. કોઈ પણ તેમનો નિશ્ચિત આવિર્ભાવ પણ મર્યાદા જ નિર્માણ કરશે. તે પ્રભુનાં શોધવાનો અનેક પૈકી એકમાર્ગ હશે. બધાં માર્ગોનો સમન્વય નહિ.

સમન્વયનો માર્ગ વધારે મુશ્કેલ છે. તેમાં પ્રભુ પ્રેરણાથી જ બધાં કાર્યો થાય છે. ત્યાગમાર્ગમાં પ્રભુને ધારણ કરવામાં અવરોધતી વસ્તુઓને ત્યાગો, તેનો નાશ કરો એ સિદ્ધાંત છે. કદાચ વ્યક્તિ થોડો ઘણો યશસ્વી થાય. સામૂહિક રીતે આ આજનાં તબક્કે અશક્ય લાગે છે.

તમે જે કરો તે જગજાહેર કરીને કરો. તેથી ટીકાઓ થશે પણ લોકોની અપેક્ષાઓનો તમને અંદાજ આવશે. કદાચ સન્યાસી વસ્ત્રો પહેરવાનો તે જ હેતુ હશે. પણ તેમાં ઘણી વખત પ્રદર્શન વૃત્તિ ભળી જાય છે. આમ ગેરફાયદા પણ છે.

આ બધાં સાધનો અને તબક્કાઓ છે, અંતિમ ધ્યેય નથી.

વિશાળ થવામાં, સમગ્રતામાં ખુલ્લા થવામાં જ સાચી વસ્તુ મળશે. સંકુચિતતામાં નહિ. વિશાળતામાં જ આત્મતત્ત્વ પ્રગટ થાય છે.

બાળક : સમાજમાં રહેવાથી બધું જ આપણામાં પ્રવેશે છે. તેમાં વિવેક કેવી રીતે રાખવો ?

માતાજી : ભૌતિક જીવનનાં દુષ્પરીણામથી બચવા જ મઠો એકાંત સ્થળોએ રચાયા. પણ હવે તે બન્ને જીવનમાં સમન્વય કરવાનો સમય આવ્યો છે. આપણા આશ્રમનો હેતુ આ જ છે. પોતાની જાતને શોધવા સમય કેમ મેળવવો એ ફ્રાન્સમાં મને વિકટ પ્રશ્ન લાગતો. તેનું નિરાકરણ આ આશ્રમની કલ્પનામાં છે. આશ્રમવાસીઓને ભૌતિકજીવન પણ છે, સામાજિક જીવન પણ છે અને પોતાની જાત શોધવાનો સમય અને માર્ગદર્શન પણ છે. અભીપ્સા એ વ્યગ્રતા નથી. સ્વતંત્રતા એ સ્વચ્છંદીપણું નથી, સક્રિયતા એ ઉધામા નથી, એ બધી જ સ્થિતિમાં આંતરિક-વલણને શુદ્ધ રાખવું જોઈએ. તે બધાંને જ શક્ય થયું નથી. તેથી મિશ્રણ દેખાય છે.

બાળક : માતાજી, મુશ્કેલીમાં જ અભીપ્સા ઉત્કટ બને છે.

માતાજી : હા બેટા, તે ખરું છે. માણસ હજી અપરિપકવ છે. તેથી વિષમતાઓની હજી જરૂર છે. પરિસ્થિતિને સ્વીકારીને જ આગળ વધવું જોઈએ. અહીં બધાં પ્રકારનાં માનવો છે. તેથી ચારિત્ર્ય, સ્વાસ્થ્ય, સંજોગોની મુશ્કેલીઓ અહીં ભેગી થઈ ગઈ છે. યુદ્ધ પણ માનવ-વંશને જાગૃત કરવાં જરૂરી બની જાય છે.

દિવ્ય-પ્રેમને ધારણ કરવાં અસાધારણ ક્ષમતાઓની જરૂર છે. તેનાં વિકાસ માટેનાં આ જરૂરી પ્રયત્નો છે. તેમાં જૂનું, નિરૂપયોગ ભાંગી પડવાનું છે. આસુરી, શક્તિઓ અંતિમ લડાઈ લડવાનાં છે.

આ આંદોલાત્મક જગતમાં આપણે રહેવાનું છે. દિવ્ય અને અદિવ્ય આંદોલનો વચ્ચેનો તફાવત આપણે સમજવાનો છે. અદિવ્ય આંદોલન, અસ્વસ્થતા, ઉગ્રતા લાવે છે. દિવ્ય આંદોલન, ખુલ્લાપણું, વિશાળતા અને પ્રકાશમયતા.

આપણે ધીરજ ખોવાની નથી. તેની ખૂબ જરૂરી છે. આંતરિક જીવન, જીવતા

(અનુ.પૃ.૩૨ ઉપર)

## જાતક કથાઓ

- માનસિંહ ચાવડા

# ચતુર વાણિયો

પ્રકરણ - ૩૨

અનંગપુરનાં પાદરનાં જંગલમાં એક સાધુનો આશ્રમ. રાજા બલપ્રતાપને તેની ઉપર શ્રદ્ધા. ગામના લોકો પણ શ્રદ્ધા રાખે.

પણ હમણાં - હમણાં ધાડપાડુઓનો ઉપદ્રવ વધી ગયો હતો. તેથી રાજા બલપ્રતાપે પોતાનો ખજાનો સાધુના ભરોસે આશ્રમમાં એક વૃક્ષ નીચે દાટી દીધો. સાધુ તો કહે,

''હે રાજન્, અમારે મન, ધન અને માટીમાં કોઈ તફાવત નથી.''

એકાદ વર્ષ બાદ તે સાધુ રાજાના મહેલમાં પધાર્યા. તે વખતે રાજા નગરશેઠ સાથે મહત્ત્વની ચર્ચા કરી રહ્યાં હતાં.

સાધુ બોલ્યો ! રાજન્, હું હવે તીર્થાટન કરવા જાઉં છું. ક્યારે આવીશ કહી ન શકાય. બસ આપની રજા લેવા આવ્યો છું.

રાજાને તે સાંભળી પોતાનું ધન અવાવરી જગ્યામાં રહેશે તેનો ભય લાગવા લાગ્યો. તેઓ બોલ્યા,

''મહારાજ, હું આપની યાત્રાની વ્યવસ્થા કરી દઉં. પણ તમે એકાદ માસ રોકાઈ જાઓ''

''ના, મહારાજ, મારે જવું પડે એમ છે.''

રાજાએ અનિચ્છાએ રજા આપી.

થોડીવાર થઈ તે સાધુ પાછો આવ્યો.

રાજાને કહે, ''રાજન્ મહેલમાંથી બહાર નીકળતો હતો ત્યારે આ દાગીનો નીચે પડેલો મળ્યો. સાચવી લો. અમે તો સાધુ. અમારે મન આ માટી છે.''

સાધુએ વિદાય લીધી.

નગરશેઠ રાજાને બોલ્યા, ''રાજન્, આ ઘરેણું તમારું જ છે ને ?

(અનુ.પૃ.૭ ઉપર)

*O Truth let us know thee.*

# જીવનનું સત્ય

સત્યની કોઈ વ્યાખ્યા હોઈ શકતી નથી કારણ કે તે નિબંધ અને નિઃસીમ છે. એને કોઈ જડ ચોકઠામાં જડી દઈ શકાય તેમ નથી. વળી એ વિશ્વકોશના બે પૂંઠા વચ્ચેનો નિર્જીવ પદાર્થ નથી કે એને સજાવી ધજાવી શબ્દોના નિષ્પ્રાણ પિંજરમાં પૂરી દઈ શકાય. એ તો સ્વૈર વિહારી પંખી જેવું છે. જીવંત અને મુક્ત. વહેતા ઝરણાનાં જલ જેવું છે, ગતિશીલ અને પારદર્શક, ખંજરની ધાર જેવું છે, તેજીલું અને તીક્ષ્ણ. હસતા બાળક જેવું પણ છે. નિર્દોષ અને નિખાલસ. આ જગતમાં સત્ય જેવી જીવંત બીજી કોઈ વાસ્તવિકતા નથી. એને તો આપણાં અસ્તિત્ત્વથી અને અસ્તિત્ત્વમાં જ ઓળખી શકાય.

અને છતાં શબદ જ્યારે સત્યની અદબ જાળવે છે ત્યારે ઈબાદત બની જાય છે. બધાં શાસ્ત્રો સત્યના પરિચારકો છે. પરંતુ અનુભૂતિની સહજતામાંથી જન્મેલો શબ્દ સત્યનો વાહક બની જાય છે. જે અણુથી પણ સૂક્ષ્મ અને અતિ મહિમાવંતથી યે મહિમ છે એવાં, अणोरणीयान् महतो महीयान् સત્યની પહેચાન શી રીતે પમાય ! મા તેથી જ કહે છે : ''હે સત્ય અમે તને પામીએ એવી કૃપા કરો'' અહીં, જીજ્ઞાસા અનુનયનું હૃદય છે, વિનમ્રતા એનો પ્રાણ છે. Let us, O Truth know thee..... If you are so inclined..... Kindly..... આ વિનમ્રતા સ્વયં પવિત્રતા છે અને ખૂબ વિધેયાત્મક વાતાવરણ સર્જે છે.

સત્યનો મૂળ અર્થ છે : હોવું, જે છે તે. હું છું. I exist એ મારી હસ્તીનું સત્ય કહી શકાય. તમે છો. એ તમારી હસ્તીનું સત્ય કહેવાય. કોઈ બે વ્યક્તિ સંપૂર્ણપણે બીંબાઢાળ, એકસરખી હોતી નથી. હું મારાં માતા-પિતાની બાહ્યરૂપમાં પણ ઝેરોક્ષ નકલ નથી. કુદરતમાં કશું નકલિયાત નથી. લીમડાનાં વૃક્ષનાં લાખો પાનમાં કોઈ બે પાન બધી રીતે એકરૂપ નથી. લાખો વ્યક્તિની અંગૂઠાની છાપમાં

કોઈ બે છાપ સમાન નથી. જીવનની અને જીવનમાં અદ્‌ભૂત વિવિધતા છે. આ અનંત વિસ્મયકારી વૈવિધ્યનો હું પણ એક જીવંત અંશ છું. માટે મારું માત્ર અસ્તિત્વ નથી, so not only do i exist: I am. હું એક સ્વરૂપ છું.

હું ખાઉં પીઉં છું, હરું ફરું છું, વાંચું છું, ચાહું છું ચાહ પામું છું, સ્મરું છું, નિયોજું છું. આ તમામ ઘટના સાથેનાં મારાં સંબંધની, બીજા બધાથી ભિન્ન એવી મારી પોતીકી આગવી એવી પહેચાન છે. એની સામગ્રીમાં, એનાં ઉપાદાનમાં વધ-ઘટ, સ્થૂલતા-સૂક્ષ્મતા હોઈ શકે. એની પરિસ્થિતિમાં ફેરબદલ બની શકે. પરંતુ આ બધાની ઉપરવટ થઈને 'હું છું, 'I am.' એવી મારી એક સ્વઃસંવેદનાને કારણે મારી હસ્તી વિષે મને કોઈ શંકા નથી. આ સ્વ-સંવેદનાનું સત્ય મારા અસ્તિત્ત્વનાં પાયામાં, મારા અસ્તિત્ત્વની રગેરગમાં ગૂંથાઈ, વણાઈ, રંગાઈ ગયેલું છે. મારી હયાતીનાં અનેક સ્તર છે અને અનેક સ્તરીય મારી હયાતીની અભિવ્યક્તિમાં આ મારી સ્વ-સંવેદનાની હાજરી feeling of I-ness યથા સંયોગ યથારૂપ જોડાયેલી જ રહે છે.

'હું છું.' આ પ્રત્યક્ષ સત્યનો અનુભવ મને શી રીતે થાય છે ? હું છું તેની પ્રતીતિ હું કઈ રીતે પ્રમાણું છું ? અને થોડુંક જ ચિંતન કરતાં મને જણાય છે કે મારી બધી ક્રિયાઓની પાછળ, સમજાતી કે ન સમજાતી, મારી ચેતનાનું મારી consciousness નું કોઈ સૂક્ષ્મ સંચલન સંકળાયેલું હોય જ છે. મારી સચેતનતા awareness જ મારા હોવાપણાની નિશાની છે. જો હું સચેતન ન હોઉં તો નિશ્ચેત બની નાશ પામું. આમ મારી પરમ વાસ્તવિકતાને, Ultimate Reality ને ઓળખવાની શરૂઆત હું મારાથી કરી શકું. કારણ કે હું જ મારું પ્રથમ અને પ્રત્યક્ષ સત્ય છું.

મારા સંકુલ અને સમસ્ત અસ્તિત્ત્વનું અને અભિવ્યક્તિનું આરંભબિંદુ મારી સચેતનતા છે. જીવનની, માનવરૂપમાં ઉત્ક્રાંતિના ફલ સ્વરૂપે મારાં ચૈત્તસિક કેન્દ્રને, મારી ચેતનાના કેન્દ્રને જાગૃતપણે અનુભવવાનું મને ભાન મળેલું છે. આ

મહા વરદાન છે. ચેતના પોતે જ દેહરૂપે સંપુષ્ટ આકાર ધારણ કરે છે. જીવનરૂપે વિલસે છે. મનરૂપે મહાલે છે. ચેતનાનું આ કેન્દ્ર ન હોય તો હું ન હોઉં. મારો જન્મ જ અસંભવ. મારી માના ગર્ભગૃહમાં મારા અસ્તિત્વનું મૂળ કેન્દ્ર અને તેનું વિકસતું જતું જીવંત સ્વરૂપ મારી સજીવ, સચેત, અંતઃસ્થિત ચેતના શક્તિના સામર્થ્યનું જ પરીણામ છે.

જેમ હું છું, તેમજ તમે અને આપણે સૌ છીએ અને આપણાં સૌના અનુભવનો વિષય એવું આ જગત પણ સ્થૂળરૂપે તો આ વિરાટ અને અનંતમુખી વિશ્વ સંભવે નહીં. જગત એ તો આપણાં સૌના હોવાપણાનાં આધારની નક્કર ભૌતિક ભૂમિકા છે. 'હું નથી, તમે નથી, જગત નથી' એમ કહેવું એ મિથ્યા વ્યવસાય છે. એને ચોંટી રહેવા જેવું નથી. એમાં અસ્તિત્વનો માત્ર અસ્વીકાર નથી, અનાદર પણ છે. જીવનનો કદી અનાદર ન હોઈ શકે.

આમ આપણી વ્યક્તિરૂપ ચેતનાની મૂર્તતાનું અને આ વિશ્વરૂપ ચેતનાનાં સ્ફૂરણ અને પ્રાગટ્યનું મૂળ, આ બંન્નેને પોતાનામાં સમાવી લેતી કોઈક અચિંત્ય પણ સ્વયંપ્રાજ્ઞ પરમ ચેતનામાં રહેલું હોવું જોઈએ. આપણે આપણી ચેતના પ્રત્યે સંવેદી એટલે કે જાગૃત હોઈએ તો ઊંડે ઊંડે, આછુંપાતળું પણ આ સત્ય અનુભવાયા વગર રહેતું નથી.

।। तेन ज्ञातेन सर्व इदं विज्ञातं भवति ।।

તેની રોમેરોમમાં સીધે સીધી ઓળખ થતાં અને તેનો સંસ્પર્શ પામતાં, સકળ સંસારની વિવિધતાની પાછળ ગુપ્ત રહેલી એક એવં અદ્વિતીયં, એક અને અજોડ એવી અખિલાઈની વાસ્તવિકતાનો નિઃશંક બોધ પ્રાપ્ત થાય છે.

મારો મારી ચેતના સાથેનો આ જીવંત સચેતસ્ સંબંધ અખંડ, અચ્છેદ્ય અને અવિચ્છિન્ન રહેલો છે. હું બાળક હતો ત્યારે કે પછી યુવા અને પ્રૌઢવયનો થયો ત્યારે કે અત્યારે સિત્તોતેરને આંગણે આવી ઊભો છું ત્યારે પણ મારા હોવાપણાના ભાનની સળંગસૂત્રતા, અનેક ઋતુઓ અને રાત્રિદિવસો પસાર થયા છતાં કદી તૂટી નથી. મારા બાલ્યકાળના અને યુવાનીના ફોટાનું અત્યારે ભલે કાંઈ સામ્ય

નથી છતાં મને મારા હોવાપણાની સંગીનતાનું ભાન જેવું ને તેવું સ્થાયી રહ્યું છે. બધો અતીત વ્યતીત થઈ ગયો છે છતાં મારી હસ્તીના ભાનનું સાતત્ય કાયમ અને કામિયાબ રહ્યું છે. મને મારા પોતાના હોવાપણાની - 'I-ness' ની ગેરહાજરી કદી વર્તાઈ નથી અને વર્તાશે પણ નહીં. કારણ કે હું મારી વ્યક્તિરૂપ ચેતનાના કેન્દ્રરૂપે સદૈવ અભિન્ન અને અવિભક્ત, હાજરા હજૂર છું.

જે સચેતસ્ સત્ છે તે પોતે ક્યારેય પોતાથી અણજાણ હોતું નથી. એની બધી ક્રિયાથી પોતે સભાન હોય છે. પછી બાહ્યરૂપે તેનું અવસાન પણ ક્યાં ન હોય.

મારું આ સ્વસંવેદી ભાન મને કોઈની વારસાઈમાં કે અકસ્માતે મળ્યું નથી કે જેથી તે ક્યાંક ગાયબ થઈ જવાની મને ભીતી રહે. એ કોઈની ઉછીની માંગી આણેલી મૂડી નથી કે તે લૂંટાઈ ખૂટી જવાનો મને સંદેહ રહે. એ તો મારી જન્મજાત નિજી સંપત્તિ છે. મારી સચેતનતાનું એ કેન્દ્ર મારું સર્વસ્વ છે. એ નિગૂઢ અનુભવાય છે કારણ કે બધી શક્તિઓની જેમ ચેતનશક્તિ પણ અદશ્યમાન છે. Invisible છે. મન-વાણીને પણ એ ગમ્ય નથી કારણ કે તેમની શક્તિની પહોંચ ત્યાં ટાંચી પડે છે. એ અનુભવગમ્ય છે કારણ કે આપણું સમગ્ર જીવન એ અનુભવ પ્રાપ્તિનું જીવતું ક્ષેત્ર છે.

મારું, તમારું, આપણું અને આપણા વિશ્વનું આ પ્રગૂઢ પણ મહત્ સત્ય છે, નિતાંત વાસ્તવ છે. આ ચૈત્તસિક કેન્દ્ર મારી True Individuality, મારું સાચું વ્યક્તિ સ્વરૂપ છે.


પછી એને શોધતા - પામતાં મને કોણ રોકે છે ?

કોણ અટકાવે છે ???

ૐ શાંતિ..... શાંતિ..... શાંતિ.....

- અનિરુદ્ધ સ્માર્ત

સૌજન્ય : Auroma - 20.9.97 No. 2



# શ્રી અરવિંદ

A greater  Personality sometimes,
Possesses us which yet we know is ours;
Or we adore the Master of our Souls.
Then the small bodility ego thins and falls;
No more insisting on its Separate Self.

The Secret Knowledge - Savitri 1-4-47

## ક્ષીણ બનતો અહમ્

અચાનક કોઈ વખત, એક વિશાળ વ્યક્તિત્વ પ્રગટતું,
ને પકડમાં લેતું ત્વરિત, જે ભાસતું આપણું જ રૂપ,
અથવા આપણો આત્મા, તેની શરણે સ્વામીગણી,
નમ્રભાવે આળોટતો, ને તેનું કરણ રહેતો બની,
તેથી શરીરનો અહં પોતાનું, અલાયદા અસ્તિત્વ વિખેરતો,
વિખેરીને એકરૂપ થતો, ને ક્ષીણ બની નાબુદ થતો.

ગૂઢજ્ઞાન - સાવિત્રી - બુ.૧, કેન્ટો-૪, પૃ.૪૭

Registration of News Paper No. GUJGUJ/2013/48361 Postal Reg. No. RAJKOT-303/2015-2017
Price : Rs. 15/- Annaul Subscription : Rs. 150/- 1st of Every Month at Rajkot RMS - Langauge : GUJARATI

# અર્ચનમ્



કુંભ શરીરરૂપી ઘટ ગણ્યો, ને પાંદડા ઈન્દ્રિય પલ્લવરૂપ,
શ્રીફળ મસ્તક ગણ્યું, ને દિપક તેજ સ્વરૂપ.

કુંભનું જળ નિરાકાર બ્રહ્મરૂપ, કુંભસ્થાપન દિવ્ય-શરીર રચનારૂપ,
કુંકુ પાર્થિવ તત્ત્વ રૂપ, સિંદુર પ્રાણ-શક્તિ સ્વરૂપ.

હળદર મનસ્તત્વ રૂપ કહી, ને અબિલશુદ્ધ ચિત્ત સ્વરૂપ,
પુષ્પ ચૈત્યપુરુષ ગણ્યો, ને અક્ષત્ પરબ્રહ્મ સ્વરૂપ.

બધાંને પરમપ્રભુ ચરણે ધરે, એ સાચી પૂજા સ્વરૂપ,
દિપક પ્રકાશ-ધ્યાન શીખવી, કરે સમગ્ર પ્રભુ-પ્રકાશરૂપ.

આ પૂજાનું રહસ્ય ગણ્યું, વિકસાવે સમર્પણ સમગ્ર,
એકરૂપતા પ્રતિ આગળ વધે, ને પ્રભુરૂપ કરે જગત.

**ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રનાં પ્રકાશનો**

સહજ સત્સંગ માસિક પુસ્તકો
www.motherandsriaurobindo.org>E-Library>Magazines>SahajSatsang(Gujarati)
www.aurogujarat.com>Journals & Ebooks>Sahaj Satsang
www.motherandsriaurobindo.org>centers>India>Gujarat>Rajkot
E-mail ID : sahajsatsang@gmail.com

સહજ સત્સંગ (માસિક) તંત્રી : માનસિંહ કે. ચાવડા, પ્રકાશક : કમલેશ સી. માંડવીયા, મુદ્રક : લલિત એચ. ઉપાધ્યાય, માલિક : મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ, પ્રકાશન સ્થાન : સહજ સત્સંગ કાર્યાલય, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫ ગુજરાત, મુદ્રણ સ્થાન : લા મેર પ્રિન્ટરી, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫. ગુજરાત